# ભજનો અને ભક્તિપદો

# બ્રહ્માનંદ સ્વામી

# રાસાષ્ટક

(દોહા)

એક સમય શશિ ઉદિત અતિ, હોય મન અધિક ઉલ્લાસ
યમુના તટ વ્રજનાર જુત, રચ્યો મનોહર રાસ
ભર ભર તન સજ આભરણ, વર વન કરણ વિહાર
કર કર ગ્રહ નટવર કૃષ્ણ, સર સર અનુસર સાર

(છંદ રેણકી)

સર સર પર સધર અનર તર, અનુસર કરકર વરધર મેલ કરે,
હરિહર સુર અવર અછર અતિ મનહર, ભર ભર અતિ ઉર હરખ ભરે,
નિરખત નર પ્રવર, પ્રવર ગણ નિરઝર, નિકટ મુકુટ શિર સવર નમે
ધણ રવ પર ફરર ફરર પદ ધુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

ઝણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર ગોમ ધણણ ગણણણણ ગયણે
તણણણ બજ તંત ઠણણ ટંકારવ, રણણણ સુર ધણણણ રયણે
ત્રહ ત્રહ અતિ ત્રણણ ધણણ અતિ ત્રાંસા, ભ્રમણ ભમરવત રમણ ભ્રમે
ધણ રવ પર ફરર ફરર પદ ધુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

ઝટ પટ પટ ઉલટ પલટ નટવત ઝટ, લટ પટ કટ ઘટ નિપટ લલે
કોકટ અતિ ઉકટ ત્રકટ ગતિ ધિન કટ, મન ડરમટ લટ લપટ મલે
જમુના તટ પ્રગટ અમટ અટ રટ જૂટ, સૂર થટ ખેખટ તેણ સમે
ધણ રવ પર ફરર ફરર પદ ધુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

ધમ ધમ અતિ ધમક ઠમક પદ ઘુંઘર, ધમધમ ક્રમ સમ હોત ધરા,
ભ્રમ ભ્રમ વત વિષય પરિશ્રમ વત ભ્રમ, ખમ ખમ દમ અહી વિખમ ખરા,
ગમ ગતિ અતિ અગમ નિગમ ન લહત ગમ, નટવત રમઝમ ગમ મન મેં

ધણ રવ પર ફરર ફરર પદ ઘુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

ગત ગત પર ઉગત તુગત, નૃત, પ્રિય ગત રત ઉનમત, ચિત્ત વધત રતિ,
તત પર ધ્રત નચત ઉચત મુખ થૈ થત, આવૃત અત ઉત ભ્રમત અતિ,
ધિધિતત ગત બજત મૃદંગ, સૂર ઉધ્ધત, કૃત ભ્રત નર તત અતત ક્રમે,
ધણ રવ પર ફરર ફરર પદ ઘુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

થન ગન તન નચત પવન પ્રચલન થન, સુમન ગગન ધુન મગન સરા
મન મન વર કૃષ્ણ પ્રસન્ન ધન તમ મન, ધન ધન વન તાસ ધરા
બિસરે તન ભાન ખાન પાન વિધિ, ગાન તાન જેહિ કાન ગમૈ
ધણ રવ પર ફરર ફરર પદ ઘુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

ઢલ ઢલ રંગ પ્રગલ અઢલ જન પર ઢલ ઝલ ઝલ અનકલ તેજ ઝરે
ખલ ખલ ભુજ ચુડ ચપલ અતિ ખલકત કાન કતોહલ પ્રબલ કરે,
વલવલ ગલ હસ્ત તુમલ ચિત વલવલ, જુગલ જુગલ પ્રતિ રંગ જમે
ધણ રવ પર ફરર ફરર પદ ઘુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

સરવસ વસ મોહ દરસ સુર થિત શશિ, અરસ પરસ ત્રસ ચરસ અતિ
કસકસ પટ હુલસ વિલસ ચિત આક્રસ, રસ બસ ખુસ હસ વરસ રતિ,
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ, અનરસ મનસ તરસ અથમેં,
ધણ રવ પર ફરર ફરર પદ ઘુંઘર, રંગભર સુંદિર શ્યામ રમે
રે ભાઈ રંગભર સુંદિર શ્યામ રમે

# અચરજ માયા તુમ્હારી

અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી
જિસે મોહે સકલ નરનારી... °ટેક
બ્રહ્મા મોહે શંકર મોહે, મોહે ઇન્દ્ર બલ હારી;
સનકાદિક નારદમુનિ મોહે, દુનિયા કૌન બિચારી... ૧
યોગ કરંતે યોગી મોહે, બનમેં મોહે તપધારી;
વેદ પઢંતે પંડિત મોહે, ભૂલ ગયે સુધ સારી... ૨
પંચવિષયકી જાલ બિછાઈ, બંધન રચિયા ભારી;
લાલચમેં સબ જીવ ફસાયે, નિકલનકી નહીં બારી... ૩
જિસ પર કિરપા હોય તુમ્હારી, સો જન ઉતરે પારી;
બ્રહ્માનંદ શરણમેં આયો, લીજિએ મોહે ઉબારી... ૪

# અધમ ઉદ્ધારણ અવિનાશી

અધમ ઉદ્ધારણ અવિનાશી તારા,
બિરુદની બલિહારી રે;
ગ્રહી બાંહ્ય છોડો નહિ ગિરિધર,
અવિચળ ટેક તમારી રે.. ટેક

ભરી સભામાં ભૂધરજી તમે,
થયા છો માડી મારી રે;
બેટાને હેતે બોલાવો,
અવગુણિયા વિસારી રે... અધમ.. ૧

જેવો તેવો પુત્ર તમારો,
અણસમજુ અહંકારી રે;
પેટ પડ્યો તે અવશ્ય પાળવો,
વા'લમ જુઓને વિચારી રે... અધમ.. ૨

અનળ અહિ જો ગ્રહે અજાણે,
તો છોડાવે રોવારી રે;
બાળકને જનની સમ બીજું,
નહિ જગમાં હિતકારી રે... અધમ.. ૩

બ્રહ્માનંદની એ જ વિનંતી,
મન ધારીએ મુરારી રે;
પ્રીત સહિત દર્શન પરસાદી,
જોયે સાંજ સવારી રે... અધમ.. ૪

# આંખલડીની અણીયેં વેંધ્યા

સાખી

આંખલડી શરદ સરોજ, રસીલા લાલની;
દેખી મનડું પામે મોહ, તિલક છબી ભાલની.

આંખલડીની અણીયેં,
વેંધ્યા આંખલડીની અણીયેં... ટેક

નટવર લાલ રંગીલાનાં નેણાં,
બાણ સરીખાં ગણીયેં... વેંધ્યા ૧

ભીતર ઘાવ લાગો અતિ ભારી,
રાત દિવસ કણકણીયેં... વેંધ્યા ૨

દરદીની વાતું તે દરદીડાં જાણે,
બેદરદીને શું ભણીયેં... વેંધ્યા ૩

બ્રહ્માનંદ કહે એણી પેરે વેંધ્યા,
મણિને ભેદે જેમ મણીયેં... વેંધ્યા ૪

# રે શિર સાટે નટવરને વરીએ

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ

રે અંતર દ્રષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડહોળ્યું
એ હરિ સારું માથું ધોળ્યું, રે શિર સાટે નટવરને વરીએ

રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણમધ્યે જઈને નવ ડરીએ
ત્યાં મુખપાણી રાખી મરીએ, રે શિર સાટે નટવરને વરીએ

રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને
તે શું જીવે ભૂંડું મુખ લઈને, રે શિર સાટે નટવરને વરીએ

રે પહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોડે હોડે જુધ્ધે નવ ચડીએ
જો ચડીએ તો કટકા થઈ પડીએ, રે શિર સાટે નટવરને વરીએ

રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ, રે શિર સાટે નટવરને વરીએ

# સંત પરમ હિતકારી

સંત પરમ હિતકારી ,
જગતમાંહી સંત પરમ હિતકારી

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ ,
ભરમ મિટાવત ભારી. જગતમાંહી..

પરમ કૃપાળુ સકલ જીવન પર,
હરી સમ સબ દુખ હારી. જગતમાંહી..

ત્રીગુનાતીત ફિરત તનુ ત્યાગી,
રીત જગત સે ન્યારી. જગતમાંહી..

બ્રહ્માનંદ કહે સંત કી સોબત,
મિલત હે પ્રગટ મુરારી. જગતમાંહી..

# હેત કરી જોઈ

હેત કરી જોઈ નેણ ઠરી,
હરિને ગાવે હીલો હેત કરી. ટેક

હેતે નાખે ગોરી હિંચકો રે,
હાથે રેશમ કેરી દોરી ધરી. ૧

ઘણી રે ખમા મારા લાડકડા તું ને,
શત્રુ તારા સર્વે જાવો મરી. ૨

દર્શન કાજ મળી વ્રજવનિતા,
વારે વારે આવે ફરી રે ફરી. ૩

બ્રહ્માનંદ કહે કહાનકુંવરને,
નીરખે જશોદા હરખ ભરી. ૪

# તારી મૂર્તિ રે છે

તારી મૂર્તિ રે છે જો નૈણુ શણગાર,
નૈણુ શણગાર, મારા હૈયા કેરો હાર,
તારી મૂર્તિ રે છે જો..
મોહન તારી મૂર્તિ જોઈને ભૂલ શું તન ભાન,
નીરખતા નજરામાં થઈ છું ગજરામાં ગુલદાન.
તારી મૂર્તિ રે છે જો..
માથે શોભી વાંક મનોહર, સુંદર શ્યામ શરીર,
નદી રે થી તારું રૂપ નીહાળી પ્રેમીજનોને ભીર.
તારી મૂર્તિ રે છે જો..
બાંય ચડાવું બાંધેલ બાજું કાજુ ધર્મકિશોર,
'બ્રહ્માનંદ' થઈ મોહી છું, નૈણે જાદુ જોર.
તારી મૂર્તિ રે છે જો..

# નિષ્કુળાનંદ

# દીન દયાળુ ગુરુ દેવ

પદ - ૧

દીન દયાળુ ગુરુ દેવ દામોદર, કૃપાનિધિ કૃષ્ણ કહાવે;
કરુણા દૃષ્ટિ કરી જનને જુવે હરિ, દાસના દોષ હરિ હૈયે ન લાવે —દીન૦ ૧

કોટિ અપરાધ તે જનના કાપવા, આપવા આનંદ હરિ હૈયે હીસે;
કૈક કંગાલને તારવા નાથજી, આજ મહારાજની મરજી દીસે—દીન૦ ૨

અખિલ બ્રહ્માંડના અધમ ઉદ્ધારવા, પૂરણ પરબ્રહ્મે પણ લીધું;
પતિત એકે કોયે નરકમાં નવ પળે, આજ અલબેલડે એમ કીધું—દીન૦ ૩

મન કર્મ વચને સત્ય કરી માનજો, અસત્ય મિથ્યા અમે શીદ ભાખ્યું;
નિષ્કુળાનંદ હરિ નિત્ય ઊઠી ચિંતવે, આવે અધમ કોયે શરણ રાખ્યું—દીન૦ ૪

પદ - ૨

ટેવ પડી તમને અધમ ઉદ્ધારવા, એહ વિના બીજું કાંઈ ન સૂઝે;
અખંડ અવતાર તે અધમ ઉદ્ધારવા, એહ મર્મને કોઈ સંત બૂઝે—ટેવ૦ ૧

નરતનુ ધારી એવું ના'વડે નાથજી, કોઈ જીવનું અકાજ કરતા;
ભાવે કભાવે કોઈ તમને ચિંતવે, તેહનાં પાપ તમે તર્ત હરતા—ટેવ૦ ૨

જેમ રવિના ઘરમાં રજની નવ મળે, તો આરાધ્યે અંધારું ક્યાંથી આપે;
જાણે અજાણે જેમ અમૃતપાનથી, જનમ મરણ અંગે નવ વ્યાપે—ટેવ૦ ૩

પોતાના ગુણ તે કોઈ નવ પરહરે, જેહમાં જેહવો ગુણ રહ્યો;
નિષ્કુળાનંદ નર તન ધરી નાથજી, અધમ ઉદ્ધારણ એવો ગુણ ગ્રહ્યો—ટેવ૦ ૪

પદ - ૩

પતિત પાવન પ્રભુ બિરુદ સુણી સદા, માહેરું મન તે ધીરજ પામ્યું;
કોટિ અપરાધ તે ક્ષમા કરો ક્ષણમાં જે જને આવીને શીશ નામ્યું

જયંત જેવો કોઈ પાપી નવ પેખીયે, સીતાચરણે ચંચુપ્રહાર કીધી;
અપરાધ એવો કરી લોક ચૌદ આવ્યો ફરી, દયા કરી તેને દિવ્ય દૃષ્ટિ દીધી.

અધમ આપે અહલ્યા શલ્યા આપે થઈ, ગૌતમ ગૃહિણી જગ જાણે;
તમારા પદરજથી સદ્ય શ્રાપ ટળી, મળ્યો દેવ દેહ તેહ ટાણે.

એવા અધમ તો અનેક ઉદ્ધારિયા, તારિયા ભવજળ જશ લીધા;
નિષ્કુળાનંદે એવા બિરુદને જોઈને, સદા મુદા જો મનમાંહિ કીધો.

પદ - ૪

આજ મહારાજ મળી જોડ જોયા સરખી, હું રે પતિતપાવન તમે;
તમે ગુણવંત ગુણના ભંડાર છો, તો અનેક અવગુણે પૂરણ અમે.

તમે દયાળુ કૃપાળ અકળ છો, તો મારી દુષ્ટતાને કોણ કળશે;
અધમ ઉદ્ધાર તમે નામ કાવો નાથજી, તો અધમ મુજ નામે આંક વળશે.

તમે નિષ્કલંક નિર્વિકારી નાથજી, તો કલંક વિકાર મુમાં કોટિ કાવે
જો તમારી ભલાઈનો પાર નથી આવતો, તો મારી ભૂંડાઈનો અંત નાવે.

પોતે પોતાને ગુણે સહુ પૂરણ છે, જે કોઈમાં જેવો ગુણ રહ્યો;
નિષ્કુળાનંદના અવગુણ અપાર છે, તેમ તમારો ગુણ કેમ જાયે કહ્યો.

# મૂળદાસ

# અનુભવીને

અનુભવીને એકલું આનંદમાં રહેવું રે ;
ભજવાં શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ન કહેવું રે… અનુભવીને..

વેદ જોયા, પુરાણ જોયા, શાસ્ત્ર જોયા રે..
સૌ થી મોટું રામ નું નામ ચિત ઉપાસી લે
.
આત્મા સૌનો એક જાણી ને દુઃખ ન દેવું રે
દુઃખ અને સુખ સહીને આવે સહી ને રહેવું રે

જાપ અજપા જાપ જપે, ત્રણ લોકમાં તેવું રે ;
મૂળદાસ કહે મોહ મદ મૂકી, મહાપદમાં રહેવું રે… અનુભવીને…

# તારો જનમ પદારથ

તારો જનમ પદારથ જાય , વટાવડા છીએ વાટ ના,
વાટે ને ઘાટે વિલંબ ના કીજીયે રે ....ટેક

આ દેહ છે દુર્લભ મોટા દેવ ને રે
ઈ તો પૂરણ ભાગ્યે કમાય ......(૧)

સરોવર ને તરુવર , પંડે પરમારથી
એને ખપે તે વેડીને રે ખાય ......(૨)

ઓલી નદીયું , નીર સંઘરે નહિ
પોતા તણા ઈંટો નીર તો સાયર માં સમાય ....(૩)

આવા શબ્દો સાંભળીને જન
તમે જાગજો એમ મહારાજ કે'છે મૂળદાસ ....(૪)

# પંડ્ય ને વરમંડમાં જ્યારે

પંડ્ય ને વરમંડમાં જ્યારે વાણી નો’તી ત્યારે
નભમેં બુંદ નવ ઝરતા રે જી
બ્રહ્મા ને વિશ્ણુ મહેશ્વર નો’તા રે
ત્યારે આપોઆપ અકરતાજી રે જી

સાચો સાચો મહાધ્રમ છે હાં
બા’ર ને ભીતર એક બ્રહ્મ છે જી.

મનમથી માયા રે મે’લ રચાયો,

ત્યારે નાદ ને બુંદ પરકાશ્યા રે જી
પાંચ રે તતવ લઇને પરગટ કીધાં રે જી
ત્યારે ચૌદ લોક રચાવ્યા જી
સાચો સાચો મહાધ્રમ છે હાં

મૂળ મહામંત્ર લૈને પંથ પરકાશ્યો,
ત્યારે ઘાટે ને પાટે પૂજા કીધી રે જી
પાંચે ય મળીને મહાવ્રત સાધ્યાં રે
ત્યારે નામ તો ધરાવ્યાં નીમધારી રે જી

સાચો સાચો મહાધ્રમ છે હાં

મેરુ શિખરથી ગંગાજી મંગાવ્યાં જી
વાચે ને કાછે તરવેણી જી
ભગત જગતને લૈને એંધાણી રે
શબદુંમાં રે’ણી ને કે’ણી રે જી

સાચો સાચો મહાધ્રમ છે હાં

ધ્યાન ને ધરમ લૈ પરમારથ પેખો રે
આપો પણ નવ લેખો રે જી,
ગુરુને વચને તમે હુઇ કરી હાલો રે,
સરવામાં નિરંજન દેખો રે જી
સાચો સાચો મહાધ્રમ છે હાં

ગુરુજી ભેદે ને ચાર વેદે જી,
ત્યારે ભગતી લૈ શિવજીને દીધી રે,
શિવ ને શક્તિ મળી ઘરમ ચલાવ્યો રે જી
ત્યારે ઉમિયાજી પાટ પધાર્યા રે જી

સાચો સાચો મહાધ્રમ છે હાં

શબદ નિત હોઇ અને ઉનમૂન રેનાં જી,
ત્યારે જાત વરણ નવ ભાસો રે જી.
મૂલદાસ કે' જે નર ભીતર જાગ્યા રે જી,
તમે મહા રે ઘરમને પાળો રે જી

સાચો સાચો મહાધ્રમ છે હાં

# પ્રીતમ વરની ચૂંદડી

પ્રીતમ વરની ચૂંદડી રે, મહાસંતો વોરવાને મળિયા રે ;
જે રે ઓઢે તે અમ્મર રે'વે, અકળ કળામાં જઈ ભળિયા રે...
પ્રીતમ વરની..0

પવન સરુપી મેહુલા ઊઠિયા, વરસે વેરાગની વાદળિયું રે ;
ગગન ગરજે ને ઘોર્યું દિયે, ચોઈ દશ ચમકી વીજીળયું રે...
પ્રીતમ વરની..0

વિચાર કરીને વણ વાવિયું, વણ તો મુનિ વરનું ઠરિયું રે ;
આનંદ સ્વરૂપી ઊગિયું, ફાલી ફૂલડે બહુ ફળિયું રે...
પ્રીતમ વરની..0

વિગતેથી વણ ને વીણિયું, સીતારામ ચરખે જઈ ચડિયું રે ;
જ્ઞાન ધ્યાનના એમાં બૂટા ભર્યા, વણનારા વેધુએ વણિયું રે...
પ્રીતમ વરની..0

સોય લીધી સતગુરુ સાનની, દશનામ દોરા એમાં ભરિયા રે ;
સમદ્રષ્ટિથી ખીલાવી ચૂંદડી, રંગ નિત સવાયા ચડિયા રે...
પ્રીતમ વરની..0

મનનો માંડવડો નાંખિયો, ગીતડાં ગાયાં છે સાહેલિયું રે ;
માયાનો માણેકથંભ રોપિયો, ઉમંગની ખારેકું વેચાણિયું રે...
પ્રીતમ વરની..0

શિવે બ્રહ્માને સોંઢયા જાનમાં, સરતી સમરતી જાનડિયું રે ;
ગમના ગણેશ બેસાડિયા, સાબદી થઈ છે વેલડિયું રે...
પ્રીતમ વરની..0

હાકેમ રથ લઈને હાલિયા, જાનું અહોનિશ ચડિયું રે ;
ગુરુ પરતાપે મૂળદાસ બોલિયા, ઈ મારગે વૈંકુંઠ મળિયું રે...
પ્રીતમ વરની..0

# બેની ! મારા રૂદિયામાં લાગી રે

બેની ! મારા રૂદિયામાં લાગી રે, મેરમની ચોધારી મારે કાળજે કટારી...
બાયું ! મારા કલેજામાં મારી રે, બેની ! મારા રૂદિયામાં મારી રે,
મારી છે કટારી ચોધારી, મેરમની કટારી, મારા કલેજે કટારી...
ભેદુ વિનાની વાતું કોણે રે જાણી ? મેરમની ચોધારી, મારે કાળજે કટારી...

(સાખી)
મારી કટારી મૂળદાસ ક્યે જુગતે કરી ને જોઈ,
કળા બતાવી કાયા તણી, કાળજ કાપ્યાં કોઈ
(હૃદય કમળમાં રમી રહી, કાળજાં ફાટયાં સોઈ,)

કાળજ કાપી કરૂણા કીધી, મુજ પર કીધી મહેર,
જોખો મટાડયો જમ તણો, મારે થઈ છે આનંદ લીલા લ્હેર રે...
મેરમની ચોધારી મારે કાળજે કટારી...૦

(સાખી)
પહેલી કટારી એ પરીક્ષા કીધી બીજીએ સાંધ્યાં બાણ
ત્રીજી રમી ત્રણ ભુવનમાં, ચોથીએ વીંધાણા પ્રાણ

પ્રાણ વીંધાણા ને પ્રીતું બંધાણી, દેખાડયો દશમો દુવાર
કુંચીએ કરશનજીને વીનવું, મારી સુરતાની લેજો સંભાળ રે...
મેરમની ચોધારી મારે કાળજે કટારી...૦

(સાખી)
આ કટારી કોઈના કળ્યામાં નાંવે, નઈં અણી ને નહીં ધાર,
ઘાયલ કરી ગઈ પાંજરું ઈ તો ઊતરી આરંપાર ;

વારી વારી કહું છું વિઠલા ! મારા અવગુણનો ધરશો મા સાર,

બેડી મ દેશો મારી બૂડવા, મારી બેડલી ઉતારજો ભવપાર રે...
મેરમની ચોધારી મારે કાળજે કટારી...૦

(સાખી)
કુળમાં દાવો મેં છોડયો શામળા ! કુળની મેલી લાર,
અટક પડે વ્હેલા આવજો, મારા આતમના આધાર ;

વારે વારે શું કહું વિઠલા ! મારા અવગુણ ના ધરશો એક,
શામળા ! વ્હાલા ! તરત સિધાવો મારી તરણા બરોબર ટેક રે...
મેરમની ચોધારી મારે કાળજે કટારી...૦

(સાખી)
સાચા સદ્‌ગુરુ સેવિયા, જુગતે જાદવ વીર
મન પથ્થર હતા તે પાણી કીધાં, જેમ નીર ભેળાં કીધાં નીર

પાય લાગું પરમેસરા, તમે દેખાડયું નિજ ધામ રે
રામદાસ વચને મૂળદાસ બોલે, મારા ગુરુ એ બતાવ્યું તરવાનું ઠામ રે...
મેરમની ચોધારી મારે કાળજે કટારી...૦

# કૃષ્ણ - સુદામાનો મેળાપ

"મારો બાળસ્નેહી સુદામો રે, હું દુખિયાનો વિસામો રે;"
ઊઠી ધાયા જાદવરાય રે, નવ પહેર્યાં મોજાં પાય રે.
પીંતાબર ભૂમિ ભરાય રે, રાણી રુક્મિણી ઊંચાં સાય રે;
અતિ આનંદે ફૂલી કાય રે, હરો દોડે ને શ્વાસે ભરાય રે.
પડે-આખડે બેઠા થાય રે, એક પળ તે જુગ જેવી જાય રે;
સ્ત્રીઓને કહી ગયા ભગવાન રે, "પૂજાથાળ કરો સાવધાન રે.
હું જે ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે;
જે કોઇ નમશે એના ચરણ ઝાલી રે, તે નારી સહુપેં મને વહાલી રે."
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજાની કરતી રે;
સહુ કહે, માંહોમાંહી, "બાઇ રે, કેવા હશે શ્રીકૃષ્ણના ભાઇ રે?
જેને શામળિયાશું સ્નેહ રે, હશે કંદર્પ સરખો દેહ રે;"
લઇ પૂજાના ઉપહાર રે, રહી ઊભી સોળ હજાર રે.
"બાઇ લોચનનું સુખ લીજે રે, આજ જેઠનું દર્શન કીજે રે;"
ઋષિ શુકજી કહે સુણ રાય રે, શામળિયોજી મળવા જાય રે.
છબીલાજીએ છૂટી ચાલે રે, દીધી દોટ તે દીનદયાળે રે;
સુદામે દીઠા કૃષ્ણદેવ રે, છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે.
જુએ કૌતુક ચારે વર્ણ રે, ક્યાં આ વિપ્ર? ક્યાં આ અશરણશર્ણ રે;
જુએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુ ઋષિજીને પાયે પડિયા રે.
હરિ ઉઠાડ્યા ગ્રહી હાથ રે, ઋષિજી લીધા હૈડા સાથ રે;
ભુજ-બંધન વાંસા પૂંઠે રે, પ્રેમનાં આલિંગન નવ છૂટે રે.
મુખ અન્યોન્યે જોયાં રે, હરિનાં આંસુ સુદામે લોયાં રે,
તુંબીપાત્ર ઉલાળીને લીધું રે, દાસત્વ દયાળે કીધું રે.
"ઋષિ, પાવન કર્યું મુજ ગામ રે, હવે પવિત્ર કરો મુજ ધામ રે,"
તેડી આવ્યા વિશ્વાધાર રે, મંદિરમાં હરખથી અપાર રે.
જોઇ હાસ્ય કરે સૌ નારી રે, આ તો રૂડી મિત્રચારી રે!
ઘણુ વાંકાબોલા સત્યભામા રે, "આ શું ફૂટડા મિત્ર સુદામા રે!
હરિ અહીંથી ઊઠી શું ધાયા રે! ભલી નાનપણની માયા રે;
ભલી જોવા સરખી જોડી રે, હરિને સાંધો, એને સખોડી રે!
જો કોઇ બાળક બહાર નીકળશે રે, તે તો કાકાને દેખી છળશે રે;"
તવ બોલ્યાં રુક્મિણી રાણી રે, "તમે બોલો છો શું જાણી રે?"

વલણ

શું બોલો વિસ્મય થઇ? હરિભક્તને ઓળખો નહિ;
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરિ ઊભા રહી.

# કૃષ્ણ-સુદામા આખ્યાન કડવું ચોથું

પછી સુદામોજી બોલિયા સુણ સુંદરી રે
હું કહું તે સાચું માન ઘેલી કોણે કરી રે

જે નિરમ્યું તે પામીએ સુણ સુંદરી રે
વિધિએ લખી વૃદ્ધિહાણ ઘેલી કોણે કરી રે

સુકૃત દુકૃત બે મિત્ર છે સુણ સુંદરી રે
જાય પ્રાણ આત્માને સાથ ઘેલી કોણે કરી રે

દીધા વિના કેમ પામીએ સુણ સુંદરી રે
નથી આપ્યું જમણે હાથ ઘેલી કોણે કરી રે

જો ખડધાન ખેડી વાવિયું સુણ સુંદરી રે
તો ક્યાંથી જમીએ શાળ ઘેલી કોણે કરી રે

જળ વહી ગયે શું શોચવું સુણ સુંદરી રે
જો પ્રથમ ન બાંધી પાળ ઘેલી કોણે કરી રે

અતિથિ ભૂખ્યા વળાવિયા સુણ સુંદરી રે
તો ક્યાંથી પામીએ અન્ન ઘેલી કોણે કરી રે

સંતોષ સુખ ન ચાખિયાં સુણ સુંદરી રે
હરિચરણે ન સોંપ્યાં મંન ઘેલી કોણે કરી રે

ભક્તિ કરતાં નવનધ આપશે સુણ સુંદરી રે
એવું સાંભળી બોલી સ્ત્રી જન ઘેલી કોણે કરી રે

જળ આંખે ભરી અબળા કહે ઋષિરાયજી રે
મારું દ્રઢ થયું છે મંન લાગું પાયજી રે

એ જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે
રુએ બાળક લાવો અન્ન લાગું પાયજી રે

કોને અન્ન વિના ચાલે નહિ ઋષિરાયજી રે
ભલે હો જોગ જોગેશર લાગું પાયજી રે

અન્ન વિના ભજન સૂઝે નહિ ઋષિરાયજી રે
જીવે અન્ને આખું જગત લાગું પાયજી રે

શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં ઋષિરાયજી રે
રવિએ રાખ્યું અક્ષયપાત્ર લાગું પાયજી રે

સપ્ત ઋષિ સેવે કામધેનુને ઋષિરાયજી રે
તો આપણે તે કોણ માત્ર લાગું પાયજી રે

દેવો સેવે કલ્પવૃક્ષને ઋષિરાયજી રે
મનવાંછિત પામે આહાર લાગું પાયજી રે

અન્ન વિના ધરમ સૂઝે નહિ ઋષિરાયજી રે
ઊભો અન્ને આખો સંસાર લાગું પાયજી રે

ઉદ્યમ નિષ્ફળ જાશે નહિ ઋષિરાયજી રે
જઈ જાચો હરિવરરાય લાગું પાયજી રે

અક્ષર લખ્યા દારિદ્રના ઋષિરાયજી રે
ધોશે ધરણીધર તતખેવ લાગું પાયજી રે

# પછી શામળિયોજી બોલિયા

પછી શામળિયોજી બોલિયા તુંને સાંભરે રે?
હા જી, નાનપણાનો નેહ મુને કેમ વીસરે રે?

આપણ બે મહિના સાથે રહ્યાં તુંને સાંભરે રે?
હા જી, સાંદીપનિ ઋષિને ઘેર,મુને કેમ વિસરે રે?

આપણ અન્નભિક્ષા માગી લાવતા તુંને સાંભરે રે?
હાજી જમતાં ત્રણે ય સાથ મુને કેમ વિસરે રે?

આપણે સુતા એક સાથરે તુંને સાંભરે રે?
સુખ દુખની કરતા વાત મુને કેમ વિસરે રે?

પાછલી રાતના જાગતા તુંને સાંભરે રે?
હાજી કરતા વેદનો પાઠ મુને કેમ વિસરે રે?

ગુરુ આપણા ગામે ગયા તુંને સાંભરે રે?
હાજી જાચવા કોઈ શેઠ મુને કેમ વિસરે રે?

કામ દીધું ગોરાણીએ તુંને સાંભરે રે?
કહ્યું લઈ આવો કાષ્ટ મુને કેમ વિસરે રે?

શરીર આપણાં ઉકળી ગયાં તુંને સાંભરે રે?
હાજી લાગ્યો સૂરજનો તાપ મુને કેમ વિસરે રે?

ખંભે કુહાડા ધરિયા તુંને સાંભરે રે?
ઘણું દૂર ગયા રણછોડ મુને કેમ વિસરે રે?

આપણે વાદ વધ્યા ત્રણે બાંધવા તુંને સાંભરે રે?
હાજી ફાડ્યું મોટું ઝાડ મુને કેમ વિસરે રે?

ત્રણ ભારા બાંધ્યા દોરડે તુંને સાંભરે રે?
હાજી આવ્યા બારે મેહ મુને કેમ વિસરે રે?

શીતળ વાયુ વાયો ઘણો તુંને સાંભરે રે?
હાજી ટાઢે થરથરે દેહ મુને કેમ વિસરે રે?

નદીએ પૂર આવ્યું ઘણું તુંને સાંભરે રે?
ઘન વરસ્યો મૂશળધાર મુને કેમ વિસરે રે?

એકે દિશા સૂઝે નહિ તુંને સાંભરે રે?
થાતા વીજ તણાં ચમકાર મુને કેમ વિસરે રે?

ગુરુજી નીસર્યાં ખોળવા તુંને સાંભરે રે?
દેતાં ગોરાણીને ઠપકો અપાર મુને કેમ વિસરે રે?

આપણ હૃદયા સાથે ચાંપિયાં તુંને સાંભરે રે?
હાજી તેડીને લાવ્યા ઘેર મુને કેમ વિસરે રે?

# શ્રીમદ્ રાજચંદ્ર

# આત્મસિદ્ધિ

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત,
સમજાવ્યું તે પદ નમું — શ્રી સદગુરુ ભગવંત. ૧.

વર્ત્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨.

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરૂણા ઊપજે જોઈ. ૩.

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નીષેધતા, તેહ ક્રિયાજડ આંઈ. ૪.

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહિ,
વર્ત્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાનિ તે આંહિ. ૫.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન. ૭.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮.

સેવે સદગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯.

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદગુરુ લક્ષણ યોગ્ય. ૧૦.

પ્રત્યક્ષ સદગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

સદગુરુના ઉપદેશવણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જીનસ્વરૂપ. ૧૨

આત્મવાદી અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદગુરુ યોગનહિં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વછંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદગુરુ યોગથી, સ્વછંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વછંદ મત આગ્રહ તજી, વર્તે સદગુરુ લક્ષ,
સમક્તિ તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રૂ મહા, નિજ છંદે ન મરાય,
જાતા સદગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ,
મહામોહિની કર્મથી, બુડે ભવજળ માંહિ. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર,
હોય મતાર્થિ જીવતે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થિ તેહને, થાય ન આતમલક્ષ,
તેહ મતાર્થિ લક્ષણો અહીં કહ્યા નિર્પક્ષ. ૨૩

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિં, તે માને ગુરૂ સત્ય,

અથવા નિજકુળધર્મના, તેગુરૂમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ,
વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજબુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદગુરુ યોગમાં, વર્ત્તે દ્રષ્ટિ વિમૂખ,
અસદગુરુને દ્રઢ કરે નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદી ગતિભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજમત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચય નયગ્રહે, માત્ર શબ્દની માંય,
લોપે સદ્વ્યવહારને, સાધન રહીત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ,
પામે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ. ૩૦

એ પણ જીવમતાર્થમાં, નિજમાનાદી કાજ,
પામે નહીં પરમાર્થને, અન અધિકારીમાજ. ૩૧

નહિં કષાય ઉપશાંતતા, નહિં અંતર વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થિ દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થિના, મતાર્થ જાવા કાજ,
હવે કહું આત્માર્થિના, આત્મઅર્થ સુખસાજ. ૩૩

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરૂ હોય,
બાકી કુળ ગુરુ કલ્પના, આત્માર્થિ નહિં જોય. ૩૪

પ્રત્યક્ષ સદગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરેતે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે શોધે સદ્ગુરુયોગ,
કામ એક આત્માર્થનું બીજો નહીં મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થનિવાસ. ૩૮

દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહિ જોગ્ય,
મોક્ષ માર્ગ પામે નહીં, મટે ન અંતરરોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદગુરુ બોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,
ગુરૂ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨

'આત્મા છે' 'તે નિત્ય છે', 'છે કર્ત્તા નિજકર્મ',
'છે ભોક્તા' 'વળિ મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષટ્ દર્શન પણ તેહ,
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનિયે એહ. ૪૪

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,
બીજો પણ અનુભવ નહીં, તેથિ ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહજ આતમા, અથવા ઈન્દ્રિય, પ્રાણ,
મિથ્યા જૂદો માનવો, નહિં જૂદું એંધાણ. ૪૬

વળિ જો આત્મા હોય તો, જણાય તે નહિં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદી જેમ. ૪૭

માટે છે નહિં આતમા, મિથ્યા મોક્ષ ઉપાય,
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી આત્મા દેહ સમાન,
પણ તે બંને ભિન્ન છે, જેમ અસીને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. ૫૧

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઇંદ્રિયના વિષયનું, પણ આત્માનેભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય, પ્રાણ,
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય.
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ પટ આદી જાણ તું, તેથી તેને માન,
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન? ૫૫

પરમબુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ,
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એક પણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

આત્માનાં અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ,
દેહ યોગથી ઊપજે, દેહ વિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણીક છે, ક્ષણે ક્ષણે પલટાય,

એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય,
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ દૃશ્ય! ૬૨

જેના અનુભવ દૃશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જુદા વિના થાય ન કેમેં ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય,
ઊપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદી તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદી વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણીકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મજ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં, કાં નહીં જાય. ૭૩

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,
જડ સ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી મર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહીં તેમ જ નહિં જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ,
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય,
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય. ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય,
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિં હોય,
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્ય સ્થાન નહિં કોય. ૮૧

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ,
જીવ વીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા આજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંકને એક નૃપ, એ આદી જે ભેદ,
કારણ વિના ન કાર્ય તે, તેજ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણામેં, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ.
ગહન વાત છે શિષ્ય આ, કહિ સંક્ષેપે સાવ. ૮૬

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિં મોક્ષ,
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદી ગતિમાંય,
અશુભ કરે નર્કાદિફળ, કર્મ રહીત ન ક્યાંય. ૮૮

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

હોય કદાપી મોક્ષપદ, નહિં અવિરોધ ઉપાય,
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શનઘણાં, કહે ઉપાય અનેક,
તેમા મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય,
જીવાદી જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદભાગ્ય. ૯૬

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિશે પ્રતીત,
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતિત એ રીત. ૯૭

કર્મ-ભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,

અંધકાર અજ્ઞાનસમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ-પંથ ભવઅંત. ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત ચૈતન્યમય, સર્વાભાસ રહીત,
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્ય આઠ,
તેમાં મુખ્ય મોહિનિય હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪

છોડી મતદર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછયાં કરી વિચાર.
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુક્તી લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ અંતરદયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદગુરુ બોધ,
તો સામે સમકીતને, વર્તે અંતર શોધ. ૧૦૯

મતદર્શન આગ્રહ તજી, વર્તે સદગુરુલક્ષ,
લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિવહે નિજભાવમાં, પરમાર્થે સમકીત. ૧૧૧

વર્ધમાન સમકીત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદવાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છુટે દેહાધ્યાસ તો, નહિ કર્ત્તા તું કર્મ,
નહિં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ. ૧૧૫

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનિનો, આવી અત્ર શમાય,
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધીમાંય. ૧૧૮

શિષ્ય-બોધબીજપ્રાપ્તિ કથન

સદગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વભાન,
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજ સ્વરૂપતે, શુદ્ધ ચેતના રૂપ,
અજર અમર અવિનાશિ ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતના રૂપ,

કર્ત્તા ભોક્તા તેહ નો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો! અહો! શ્રી સદગુરુ, કરૂણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુ ચરણકનેધરૂં, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્ત્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદી આજથી, વર્ત્તો પ્રભુ આધીન,
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્સ્થાનક સમજાવિને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્ એ ઉપકાર અમાપ. ૧૨૭

ઉપસંહાર

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદગુરુ વૈદ્ય સુજાણ,
ગુરૂ આજ્ઞાસમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઈચ્છો પરમાર્થતો, કરો સત્ય પુરૂષાર્થ,
ભવસ્થિતિ આદી નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગછ મતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર,
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈગયા, વર્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિં કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,
સદગુરૂ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છુટ્યો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનિનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,
તે કહિયે જ્ઞાની દશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એઠવત, અથવા સ્વપ્ન સમાન,
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારિને, વર્ત્તે જેહ,
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત,
તે જ્ઞાનીનાં ચરણમાં, હો! વંદન અગણિત. ૧૪૨

# તદપિ કછુ હાથ હજુ ન પર્યો

( [[વ્યાકરણ/છંદ/તોટક|તોટક છંદ]])
યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો..૧
મન પૌન નોઇરોધ સ્વબોધ કિયો, હઠ જોગ, પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપે..૨
સબ શાસ્ત્રકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ  હજુ ન પર્યો..૩
અબ ક્યોં ન બિચરત હે મન સેં, કછુ ઔર રહા ઉન સાધન સેં;
બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે; મુખ આગલહૈ કહ બાત કહે..૪
કરુના હમ પાવત હૈ તુમ કી, વહ બાત રહી સુગુરુગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,  જબસદ્ગુરુચર્ન સુપ્રેમ બસેં.. ૫
તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વાઅત્મ બસેં;
તબ કારજ સુઇદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમઘનો..૬
વહ સત્ય સુધા દરશાવહિંગે, ચતુરાઅંગુલ હે દ્રગસેં મિલ હેં;
રસ દેવ નિરમ્જન કો પિવહી, ગહિ  જોગ જુગોગુગ સૂર બસેં..૭
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રબુસેં, સબ આગમભેદ સૂઉર બસેં;
વહ કેવલ કો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે..૮

# નવ કાળ મૂકે કોઈને

[[વ્યાકરણ/છંદ/હરિગીત|હરિગીત]]
મોતી તની માળા ગળામાં, મૂલ્યવંતી મલકતી
હીરાતણા શુભ હારથી, બહુ કંઠ કાંતિ ઝળકતી
આભૂષણોથી ઓપતા, ભાગ્યા મરણને જોઈને
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૧)

મણિમય મુગટા માથે ધરીને, કર્ણ કુંડળ નાખતા
કાંચન કડા કરમાં ધરી, કશીયે કચાશ ન રાખતા
પળમાં પડ્યા પૃથ્વીપતિ, એ ભાન ભૂતળ ખોઈને
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૨)

દશ આંગળીમાં માંગલિક, મુદ્રા જડિત માણિક્યથી
જે પરમ પ્રેમે પે'રતા, પોંચી કળા બારીકથી
એ વેઢ વીંટી સર્વ છોડી, ચાલિયા મુખ ધોઈને
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૩)

મૂછ વાંકડી કરી ફાંકડા, થઈ લીંબુ ધરતા તે અપ્રે
કાપેલ રાખી કાતરા, હર કોઈનાં હૈયાં હરે
એ સાંકડીમાં આવિયા, છટક્યા તજી સો કોઈને
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૪)

છ ખંડના અધિરાજ જે, ચંડે કરીને નીપજ્યા
બ્રહ્માંડમાં બળવાન થઈને, ભૂપ ભારે ઉપજ્યા
એ ચતુર ચક્રી ચાલિયા, હોતા ન હોતા હોઈને
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૫)

જે રાજનીતિ નિપુણતામાં , ન્યાયવંતા નીવડ્યા
અવળા કર્યે જેના બધા, સવળા સદા પાસા પડ્યા
એ ભાગ્યશાળી ભાગિયા, તે ખટપટો સૌ ખોઈને

જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૬)

તરવાર બહાદુર ટેકધારી, પૂર્ણતામાં પેખિયા
હાથી હણે હાથે કરી, એ કેશરીસમ દેખિયા
એવા ભલા ભડવીર તે, અંતે રહેલા દેખિયા
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને (૭)

-0-

સદ્ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ
તો તે પામે નિજ દશા, જિન છે આત્મ સ્વરૂપ (૧)

પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય
સમજો જિન સ્વભાવ તો, આત્મભાનનો ગુજ્ય (૨)

# બહુ પુણ્ય કેરા પુંજથી

બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો? ...૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું એ તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહિ અહો હો! એક પળ તમને હવો!! ...૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન, જેથી જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાતદુઃખ તે સુખ નહીં. ...૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્વ અનુભવ્યાં. ...૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમ દૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો. ...૫

# સદગુરુ ભક્તિ રહસ્ય

હે પ્રભુ, હે પ્રભુ ! શુંકહું, દીનાનાથ દયાળ
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ (૧)

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ (૨)

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં (૩)

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ
કેવળ અર્પણતા નથી, નથે આશ્રય અનુયોગ (૪)

હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક
ચરણ શરણ ધીરજ નથી, અમ્રણ સુધીની છેક (૫)

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ (૬)

અચળરૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ (૭)

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં , નહીં ભજન દ્રઢ ભાન,
સમજ નહીં નિજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન (૮)

કાળ દોષ કળિથી થયો, નહીં મર્યાદા ધર્મ
તો યે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ (૯)

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ (૧૦)

તુજ વિયોગ સ્ફુરતો અન્થી, વચન નયન યમ નાંહીં,
નહીં ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી (૧૧)

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચન નાહીં,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ (૧૨)

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય,
નહીં એક સદ્ગુણ પણ, મુખ બતાવું શું ય (૧૩)

કેવળ કરૂણા મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ (૧૪)

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન (૧૫)

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક
પાર નતેથી પામીયો, ઉગ્યો ન અંશ વિવેક (૧૬)

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? (૧૭)

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાય
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ, કોણ ઉપાય (૧૮)

અધમાધમ આધિકો પતિત, સકળ જગતમાં હું ય
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય (૧૯)

પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માંગુ એ જ
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દે જ (૨૦)

# સર્વમાન્ય ધર્મ

ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને, તે સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર... (૧)

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ... (૨)

સત્ય શીલ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ... (૩)

પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની નહિ આજ્ઞા ય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય... (૪)

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ... (૫)

એ ભવ તારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શૂળ મૂળ, એ વિણ ધર્મ સદા પ્રતિકૂળ... (૬)

તત્વ રૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, 'રાજચંદ્ર' કરુણાએ સિદ્ધ... (૭)

# લોચણ

# જી રે લાખા, એવા જો સંત રે મળે

જી રે લાખા, એવા જો સંત રે મળે
તો એને ધોડી ધોડીને મળજો રે...
જી રે લાખા, હું ને મારું છે લોઢાના કટકા જી,
એને તમે કામ વચનેથી ભેળો રે,
જી રે લાખા, સાસ – ઉસાસની તમે ધમણું ધખાવો જી,
એને તમે તા'રે દઇને તપાવો જી,
જી રે લાખા, સતની એરણ પર તમે ઠીક કરી ઠેરાવો જી,
એને ગિનાન સાણસીથી પકડાવો રે,
જી રે લાખા, તા'રે આવ્યા રે વિના તમે ટાઢું મા ટીપજો જી,
જીનજે માથે શબદુના ઘણને લગાવો રે ,
જી રે લાખા, એક રે થિયા પછી એના અલંકાર બનાવો જી,
એનું બ્રહ્મ અસ્ત્ર તો બની જાશે રે,
જી રે લાખા, સતસંગની સરાણું દઇને સજ્જ કરી જોજો,
જ્યારે એનો જીવ બુધ્ધિ કાટ ઉખડી જાવે રે,
જી રે લાખા, કાટ ઉખડે પછી કાળ નંઇ લોપે જી,
સે'જે તમે વૈકુંઠમાં જાશો રે,
જી રે લાખા, સેલરશીની ચેલી સતી લોયણ બોલ્યાં જી,
ત્યારે તમે પૂરણ બ્રહ્મ બની જાશો જી,
તેજમાં તેજ મળી જાશો જી.
જી રે લાખા, એવા જો સંત રે મળે

તો એને ધોડી ધોડીને મળજો રે...

# લાખા હાં... લાવો રે કૂંચી તો તાળાં ખોલિયે

લા ખા...! હાં... લાવો... રે... કૂંચી... તો... તાળાં... ખોલિયે...
કૂંચી મારા મેરમ ગુરુ ને હાથ... લા ખા... હાં...
કૂંચિયુ છે માલમ ગુરુજી ને હાથ... ગુરુજી આવે તો તાળાં ઉઘડે...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! અમ્મર આંબો આયાં રોપિયો, એની પાળ્યું રે પોગી છે પિયાળ, લા ખા...
હે... શાખું રે સરગાપર પુગિયું, એનો વેડનહારો હુશિયાર... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! એ... ખુંદી રે ખમે માતા ધરણી... અને વાઢી રે ખમે વનરાઈ, લા ખા...
હે... કઠણ વચન મારાં સાધુડાં ખમે, નીર તો સાયરમાં સમાય... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! એ... સૂરજ સમો નહીં ચાંદલો, ધરણી સમો નહીં આભ, લા ખા...
હે... ગુરુજી સમો નહીં ચેલકો, જેણે મૂળગો ગુમાવ્યો છે લાભ... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! દૂધે રે ભરી તલાવડી, જેની મોતીડે રે બાંધેલ પાળ... લા ખા...
હે... સુગરા હશે તે એને ચાખશે, નુગરા પિયાસા રે જાય... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! કાશી રે નગરના ઘાટમાં, લખ રે આવે ને લખ જાય, લા ખા...
હે... સાધુ રે જનનો સંદેશડો, ખુલાસે કહ્યો નવ જાય... લા ખા...

એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! લાખો તો લાખુંમાં મ્હાલતો, કરતો હીરા હુંદા મૂલ, લાખા...
હે... કરણી ચૂક્યો ને થિયો કોઢિયો, ઈ તો થઈ ગ્યો કોડીને તૂલ... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

લાખા...! હાં...! સોનું રે જાણી ને સેવિયો, કરમે નિવડિયું કથીર... લા ખા...
હે... શેલણશીની ચેલી લોયણ બોલિયાં, ગુરુ આવ્યે થાશો રે કંચનને તોલ... લા ખા...
એ... અબળા લોયણ તમને એમ ભણે હો જી...

# વલ્લભ ભટ્ટ

# દૈત્યોને રણમાં રોળ્યા

દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
માર્યા તે મહિષાસુર મથે વાલા, ચંડમુંડ ચપટીમાં ચોળ્યા
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
શુંભનિશુંભ તણા શીશ જ છેદયા, હે ધુમ્રલોચન ઢંઢોળ્યા
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
ભોંયે પડ્યો રે ત્યારે કરે હોંકારા, ત્રિશુળ ઉપર તોળ્યા
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
નવખંડ માએ નજર કીધી, ખપ્પર લઇને ફોડ્યાં,
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
બ્રહ્માણી ઇંદ્રાણી મળીને,મધના પ્યાલા ધોળ્યાં
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
આઠમના એ માએ હવન કીધા, હવનમાં લઇ હોમ્યા,
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
કહે વલ્લભ તારો પાર ના જાણું, તોંતર કોટિ દૈત્ય હોમ્યા
દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા
હે હાલો, દૈત્યોને રણમાં રોળ્યા રે આજ માએ, દૈત્યોને રણમાં રોળ્યા

# કેશવ હ. શેઠ

# અમૃતવર્ષણ

તીરે તરસ્યાં ઊડે છે પેલાં પંખેરુબાળ,
મેહુલા ! મીઠડું વરસીજા :
તપોવનમાં પંખેરુ ઝંખે હવા હૂંફાળ.
વાદળી ! ઝરમર વરસીજા : તીરે૦

કોકે વીંટી કંટાળીને ઝાડિયો જો,
હાં રે કીધી વેરાનશી વાડિયો જો:

લૂંટી કલ્પલતા, ને ગૂંથી માયાવી જાળ,
મેહુલા ! મીઠડું વરસીજા :
તપોવનમાં પંખેરુ ઝંખે હવા હૂંફાળ.
વાદળી ! ઝરમર વરસીજા : તીરે૦

ફૂટે સ્વાતિ-ફૂવારા ત્હારા સોન્ધુડે જો !
છલકાવી દે ક્યારા અમીબિન્દુડે જો :

પ્રાણપંખેરું ઝંખે મુક્તિમેળો રસાળ,
દૂધડે, દેવદૂત ! વરસી જા:
હાં રે ભારતને ભેખ તપે તપસી ત્રિકાળ:
ભારતિ ! અમૃત વરસીજા : તીરે૦

# આત્મગુંજન

મેઘલી રાત મહીં ધ્રુવ તણો તારલો
ચમકે ગગનગુહા ભેદી જી રે;
જુગજુગન જોગી શો એકાકી હંસલો;
નિરખે પ્રકાશરેખ એવી જી રે. મેઘલી૦

ઘેરૂં આકાશ ઘેરી ઘેરી વાદળિયો,
નમેરી નિશમહીં મ્હાલવાં જી રે;
ઘનને ઘેરેલ ગોખ રૂપેરી ચાંદલો,
ચમકે તે દિશ મ્હારે ચાલવાં જી રે. મેઘલી૦

ભરતીને ઓટ સ્વલ્પ સિન્ધુના ઉભરા
ડોલતી ને દીઠ દીપદાંડી જી રે;
ભડકાને છાંય-વૃષ્ટિ મધ્ય ગિરિ ગાજતો,
નિગ્રહસમાધિ એમ માંડી જી રે. મેઘલી૦

તૂટો, ઓ આભ ! ખૂટો ધરતીના રસકૂપ
ધીકો દિગન્ત ! કાળવીજે જી રે;
પ્રલયને પૂર સ્વયંનૂર તરે હંસલો,
સનાતન સત્યથી જ ભીંજે જી રે. મેઘલી૦

# જોગીરાજ

જોયા જગત્ ધૂમે એક જોગીરાજને;
પુરાતન ભારતને ચોક : અલબેલડી !
જનની એ દીધ એવા એક જોગીરાજને,
જગવ્યા જેણે ચૌદ લોક : અલબેલડી !

કરણે સુણ્યા'તા સાચા એક જોગીરાજને,
મુખડે જેને બ્રહ્મબોલ: અલબેલડી !
હૃદયે પૂજ્યા'તા પૂજ્ય એક જોગીરાજને,
તપતા ત્રિખંડ રવિ તોલ : અલબેલડી !

જાણ્યા'તા જીવી જીવન એક જોગીરાજને,
ભર્યાં અમૃતે જેના ઉર : અલબેલડી !
નિરખ્યા, એ પરખ્યા મુજદેશ જોગીરાજને,
નયણે જેને વીજ-નૂર : અલબેલડી !

દીઠ, સખિ! મીઠા એવા એક જોગીરાજને,
બુદ્ધ શો વિશુદ્ધ દયારે'મ : અલબેલડી !
જાણ્યા મન માન્યા તપ-સિદ્ધ જોગીરાજને,
જીવને ગૂંથેલ કૃષ્ણપ્રેમ: અલબેલડી !

રસના અંખડ રટે એક જોગીરાજને,
નીતિમાં રામના નિવાસ : અલબેલડી !
શ્વાસે વસાવ્યા રૂડા એક જોગીરાજને,
ઝીલ્યા નજક શાં સંન્યાસ : અલબેલડી !

જીવને જડેલ, સખિ ! એક જોગીરાજને,
બ્રહ્મચર્યે ભીષ્મ ભડવીર: અલબેલડી !

મર્ત્યપુરીમાં અમર એક જોગીરાજ એ,
સાથે હરિશ્ચન્દ્ર-હીરઃ અલબેલડી !

દેહે મઢેલ દેવ એક જોગીરાજને,
ચરિતે સુવર્ણ શા વિશુદ્ધ : અલબેલડી !
ધર્મે ધેનુ શા નખ એક જોગીરાજ એ,
શૌર્યે સિંહણ પીધ દૂધ : અલબેલડી !

શાને પૂજીશું સખિ ! જન્મ-જોગીરાજને?
ઘોળ્યાં  કુંકુમ કનકથાળઃ અલબેલડી !
શાને વધાવશું એ વિશ્વ-જોગીરાજને,
ગૂંથી નભતારકની માળઃ અલબેલડી !

જોગી પરભોગી લૂખાં ભૂષણે નારાજ છે,
જોગીને વ્હાલો જીવનભોગ : અલબેલડી !
મુક્તિનો પન્થા મળ્યા એક ગાંધીરાજ એ,
માનવમન્દિરને ચોક : અલબેલડી !
જોયા બ્રહ્માન્ડ ધૂમી એક જોગીરાજ એ.

# બોલે છે મોર

બોલે છે મોર, બાલા ! બોલે છે મોર ;
કોને કોને બારણે બોલે છે મોર ? બોલે છે૦
ચમકંતી વીજ, છાયું બાદલ ઘનઘોર ;
કોને કોને બારણે બોલે છે મોર ? બોલે છે૦

થનગન નાચે ને ટિહૂ ટિહૂ ટહૂકે;
ટહૂકડે દિગંત ભરે આઠે ય પ્હોર;
કોને કોને બારણે બોલે છે મોર ? બોલે છે૦

ગર્જંતો મેઘ, મીઠાં વર્ષંતાં અમૃત;
સૃષ્ટિ એ વૃષ્ટિમાં  કરતી અંઘોળ;
આજ કોને બારણે બોલે છે મોર? બોલે છે૦

બોલે છે મોર, વ્હાલા ! બોલે છે મોર ;
નંદજીને પારણે બોલે છે. મોર બોલે છે૦

નયણે સૂરજ, મુખડે ચંદ્ર ચકોર;
બ્રહ્માંડનો નાથ ઝૂલે નવલ-કિશોર;
આંગણે આંગણે એનો કલશોર. બોલે છે૦

# ભૂલી પંથ ભમું દિનરાત

ભૂલી પંથ ભમું દિનરાત રે,
કોઇ સંત! બતાવો જી વાટ.

ઊગે સૂરજ વળી આથમે એવી ન્હોતી મારી મૂળ ભોમ;
જ્યોતિ અખંડ ઝગે જહીં જેનાં તેજ ઢળે વીંધી વ્યોમ :
કોઇ સંત બતાવો એ વાટ : ભૂલી...

સંસારને ઊને વાયરે થાયે ઘરઘરના દીપ ગૂલ :
જીવન એવાં અહીંનાં વ્હેંતિયાં, મારે મુલક અમરોનાં કુળ :
કોઇ સંત બતાવો એ વાટ: ભૂલી...

ઉષાને અધરે ખીલતો ને સંધ્યાને કાંઠે વિલાય, :
એવા રે સ્નેહને સોણલે મારું જીવતર ઝોલાં ખાય :
કોઇ સંત બતાવો દિવ્યવાટ : ભૂલી...

પગલેપગલે પાવક પ્રજળે; ને આંખે ઠર્યો અંધકાર;
પામર દેહની પીઠ રહી વહી ભવરણકેરો ભાર:
હવે સંત! દોરો સુરવાટ : ભૂલી...

# સમ્ભારણાં

૧

કેવડિયે ગૂંથી છાબડી રે,
છાબડિયે છલકતાં ફૂલ રે, માળીડા!
એક જ ફૂલનું માગણું રે :

પિયુ વસ્યા પરદેશમાં રે,
વ્હાલમને વ્હાલાં બકુલ રે,
સ્નેહલ દે સમ્ભારણું રે.

૨

માણેકઠારીને માંડવે રે,
અમૃતના વરસાદ રે, ચાંદલિયા!
એક જ બિન્દુનું માગણું રે

પિયુ વસ્યા પરદેશમાં રે,
અધર સુધાને પ્રસાદરે ચાંદલિયા !
સ્નેહલ દે સમ્ભારણું રે.

૩

કોકિલા વસન્ત કુંજમાં રે,
પૂરતી પંચમ સૂર રે ઋતુરાણી!
એક જ ગીતનું માંગણું રે:

પિયુ વસ્યા પરદેશમાં રે,
સંગીત એનાં મધુર રે ઋતુરાણી!
સ્નેહલ દે સમ્ભારણું રે.

૪

ધરતી ઉન્હાળે ધીકતી રે;
શીતળ ત્હારે સમીર રે, મહેરામણ !
એક જ લહરીનું માંગણું રે:

પિયુ વસ્યા પરદેશમાં રે,
હૈયાની હુંફે લગીર  રે! મહેરામણ !
સ્નેહલ દે સમ્ભારણું રે.

૫

ભાદર ભર-પૂર ગાજતો રે,
ચપળા કરે ચમકાર રે, મેઘલ મીઠા !
એક જ જ્યોતિનું માગણું રે :

પિયુ વસ્યા પરદેશમાં રે,
ગૂંથવા દૃગેદૃગ તારા રે મેગહ્ન હો!
સ્નેહલ દે સમ્ભારણું રે.

૬

ફૂલડાં એ છલકાતી છાબડી રે,
સ્મરણોએ છલાતું ઉર રે, સાહેલડી!
છલકાતાં  નિંદર સોણલા રે :

સ્મરણે જ સમ્યોગ સાંપડે રે,
દિલના દિલાવર દૂર રે, સાહેલડી !
દર્શન વિણ દિન દોહ્યલા રે!

# સુહૃદના સંભારણા

ઉડતી ઉતરે કુંકુમ વરણી ઉષા આંગને, રસરાજ !
તિમિર જગના હણે, રસરાજ !
ત્યારે સ્નેહીનાં સહજીવન મધુરાં સાંભરે, રસરાજ !
ઉષાને નોતરે, રસરાજ !
'''સાખી''': નભમંડળથી નીતરે નિર્મળ તેજઉઘાડ ;
:::ઉઘડે પંકજ પાંદડી, ઉઘડે ઉરકમાડ :
ઉઘડે સૂરજ આંખ - અભેદ બ્રહ્મને બારણે, રસરાજ !
જગતહિત કારણે, રસરાજ !
ત્યારે વ્હાલાંનાં સહજીવન ઉજ્જ્વલ સાંભરે, રસરાજ !
સૂરજને નોતરે, રસરાજ !
'''સાખી''': ધોમધખે, ધરતી ધિકે, તપવે તાપ બપોર;
:::સ્નેહસ્મરણની હૂંફમાં પોઢું કદિ તે પ્હોર :
ઉંડું ટ્હૌકે કોકિલ ઝૂલતાં તરૂવર પારણે, રસરાજ !
જઉં હું વારણે, રસરાજ !
ત્યારે સુહૃદનાં સહજીવન રસીલાં સાંભરે, રસરાજ !
કોકિલને વહે, રસરાજ !
'''સાખી''': લીલી કુદરત લખલખે, ખેકે ફૂલ તરૂમાર;
:::મંદ મંદ સમીકરણ વહે, શીતળ નમતે પ્હોર;
સારસ કરતાં કેલિ ન્સરિતાપટા રલિયામણે, રસરાજ !
સમય સોહામણે, રસરાજ !
ત્યારે પ્રાણસખાંનાં સ્નેહજીવન મધુ સાંભરે, રસરાજ !
સારસ-નોતરે, રસરાજ !
'''સાખી''': રંગે ચંચળ રંગથી સંધ્યા સૃષ્ટિઅંગ;
:::લીલા એ અવલોકતાં ચડે અચળ ચિત્તરંગ
સેવું સ્થળ એકાંત ગહનતા કળવા કારણે, રસરાજ !
મંત્ર ગૂઢ કો ભણે, રસરાજ !
ત્યારે રસનાયકનાં સ્નેહજીવન સૌ સાંભરે, રસરાજ !
નિગમને નોતરે, રસરાજ !

# સૌભાગ્ય ફળ

સજનિ ! સૌભાગ્યફળ વધાવિયે રે લોલ !
ઘોળી કુંકુમ કનકથાળા જો:
જીવનને ધન્ય લ્હાય લીજીએ રે લોલ

ખીલે બગીચે રસિક ફૂલડાં રે લોલ !
ભુવને ખીલે રસબાલા જો: સજનિ !

ભાનુ તપે ચે નભો મંડળે રે લોલ !
ભુવને તપંત તેજ્બાલ જો: સજનિ !

દેવો પૂજાય દેવમન્દિરે રે લોલ !
ભુવને પૂજાય દેવબાલ જો: સજનિ !

આશા ભરેલ સ્નેહદંપતી રે લોલ !
સંસાર સ્નેહભર્યાં બાલા જો:
વિભુની એ વિભૂતિ વધાવિયે રે લોલ !

# સૌભાગ્યચાંદલો

સૃષ્ટિસોહાગ ! રાજ પુનમનો ચાંદલો:
ચાંદલો રે, ચમકે પોયણીને પ્રાણ: સૃષ્ટિ૦

વનને સોહાગ રાજ ! માણીગર મોરલો :
મોરલો રે, નાચે ઢેલડને ધ્યાન:  સૃષ્ટિ૦

ગાજે છે મેહુલો, ને ઝબૂકે છે વીજળી ;
વીજળી રે, નાચે ધનને રસપાન: સૃષ્ટિ૦

સંસારે સોહ્યલો રે, માણીગર મોરલો;
મોરલો રે, સોહે બહ્નને સુકાન: સૃષ્ટિ૦

જીવન સોહાગ, રાજ ! સૌભાગ્યચાંદલો;
ચાંદલો રે, સોહે શીલને સન્માન:  સૃષ્ટિ૦

# સ્નેહરૂસણાં

ચન્દન તલવડીને તીરે, સાહેલડી !
પાણીડાં ગઈતી ઉઘડતે પ્હોર,
વ્હાણાંના નીતરેલ નીરે, સાહેલડી !
દીઠડાં કાંઈ કાંઈ કૌતુક ઔર : ચન્દન૦

જળને ઝોલે જલદેવી, સાહેલડી !
ઝૂલે ઝૂલે ને સ્નેહલીલા લખે;
દિલડાંની વાત કોને કહેવી, સાહેલડી !
મને તો મારી એક કથની કથે : ચન્દન૦

સન્ધ્યાનો ચંદ ચડો રમણે , સાહેલડી !
પોયણે પોયણે રજની રમે,
કમલિની વિલાતે વદને, સાહેલડી !
જોતી ને રોતી જળખોળે નમે : ચન્દન૦

ઉગી ઉષા ને ડૂબી સન્ધ્યા, સાહેલડી !
કિરણે કિરણે કમળો ખીલે,
ચકોર, પોયણું ને ચન્દા, સાહેલડી !
સૂતાં પ્હરોડને  પ્રકાશલીલે : ચન્દન૦

બોળ્યો ઘડૂલો મેં તો, સાહેલડી !
નીરે કમળોની કુંળી છાયા ઢળે;
જોતી મ્હોતી સારતીરે, સાહેલડી !
તીરે કાયાના પડાછાયા પડે : ચન્દન૦

ચડતી ભરતીના  ભાવે, સાહેલડી !
બેડલું ભરીને સંચરતિ, સખિ !

ઊડતો મકરંદ આવે , સાહેલડી !
ઉઘડે ઉરપાંખડી નાથ નીરખી : ચન્દન૦

આજે સરોવરકાંઠડે, સાહેલડી !
સાંભર્યાં ને ઓસર્યાં સ્નેહરૂસણાં;
વ્હાલથી વ્હાલમનાં આંગણે, સાહેલડી !
હૈડાં ભરી ભરી લીધ મીઠડાં. ચન્દન૦

# સ્વયંવર-સોહાગણ

આવશો મા, જી રે! આવશો મા,
ગૌરી-ગંગાના વ્હેણ આડે આવશો મા.
વ્હેતાં વેગીલા પૂર ઉલેચાવશો મા
ગૌરી-ગંગાના વ્હેણ આડે આવશો મા.

ઉગ્યો અમૃત પુર આશાનો ચન્દ્રમા
પઢ્યું ઉર પ્રતિબિમ્બ કો ભૂંસાવશો મા. ગૌરી૦

હૈયાને હોજ રોજ રમતેલો હંસલો
એની વાટે કંટક કોઈ વાવશો મા. ગૌરી૦

સૌન્દર્યે અન્ધ, સ્થૂલ સ્નેહના શિકારી
કનક, રૂઢિના ચાપે ચઢાવશો ના. ગૌરી૦

રાચું ના રંચ કાચી કાયાના પૂતળે,
કાચ-કંચન શો મેળ મઢ્યે ફાવશે મા. ગૌરી૦

આવશો મા, લોક! આવશો મા,
નેહ નૌકાની વ્હારે આવશો મા.
સ્વયં શોધ્યો સૂકાની, સતાવશો મા!
સ્નેહગંગાના વ્હેણ આડે આવશો મા.

# હૈયાસૂનાં

નિર્જન વનવગડે અલી વાદળી!
જળ શાં ઢોળવાં અમથાં?
રણે રગડોળવા અમથાં?
એવાં હૈયાસૂનાં સમીપ વીતક શાં બોલવાં અમથાં?
હૃદય શીદ ખોલવા અમથાં?

સાખી: ચાતકજળ વન ટળવળે, મેઘ ચડ્યો ઘનઘોર;
ગર્જન કિંતુ જૂઠદાં; જગ એવુંય નઠોરઃ

છીછરાં સરવરને શીદ મલિન જળે અંઘોળવા અમથાં?
જવાહીર ઝબોળવા અમથાં?

એવાં હૈયાસૂનાં સમીપ વીતક શાં બોલવાં અમથાં?
હૃદય શીદ ખોલવા અમથાં?

સાખી: સુગન્ધ મિષ્ઠા લિમ્બડા, રસમાં કડવા ઝેર;
મુખ મિષ્ઠાના મોહ શા, જો નહિ મનના મેળ?

ગરજુ જગવગડે વણપાત્ર પ્રણય શો ઢોળવો અમથો?
ઉરેઉર જોડવાં અમથાં?

ઉજ્જડ મરુભૂમિનાં રસિક હૃદય શા ખોલવા અમથાં?
જીવન શીદ રોળવા અમથાં?

સાખી: મોહ ભીના સંસારમાં, જૂઠા મૃઅગજળ ઘાટ;
મોંઘી સફરો સ્નેહની, આઘી ઉરની વાટઃ

વિજય કો વાડીને એકાન્ત ફૂલો! શાં ફોરવાં અમથાં?
દરદ દિલ વ્હોરવા અમથાં?

કહો ક્યાં મળશે વ્હાલો કાંત? સ્વજનના સ્નેહનીય કથા?
અવરની મારે છે શી વ્યથા?

# દેવાયત પંડિત

# ગુરૂ તારો પાર ન પાયો રે

ગુરૂ તારો પાર ન પાયો રે,

પૃથ્વી માલેક તારો પાર ન પાયો રે,

હા રે હા ગવરીપુત્ર ગણેશ દેવને સમરોજી, સમરો શારદા માત.

હા રે હા જમીન આસમાન મુળ વિના માંડયું જી,

થંભ વિના આભ ઠેરાવ્યો રે.

હા રે હા સુન શિખર ગઢ અલક અખેડાજી,

વરસે નુર સવાયો રે.

હા રે હા ઝળહળ જયોતું દેવા તારી ઝળકેજી,

દરશન વિરલે પાયો રે.

હા રે હા શોભાજીનો ચેલો પંડિત દેવાયત બોલ્યા જી,

સંતનો બેડલો સવાયો રે.

# દેવાયત પંડિત દા'ડા દાખવે

દેવાયત પંડિત દા'ડા દાખવે, સુણી લ્યોને દેવળદે સતીનાર,
આપણા ગુરૂએ આગમ ભાખિયા, જુઠડાં નહિ રે લગાર,
લખ્યા રે ભાખ્યા રે સોઈ દિન આવશે.

પહેલા પહેલા પવન ફરુકશે, નદીએ નહિ હોય નીર,
ઓતર થકી રે સાયબો આવશે, મુખે હનમો વીર.

ધરતી માથે રે હેમર હાલશે, સુના નગર મોઝાર,
લખમી લુંટાશે લોકો તણી, નહિ એની રાવ ફરિયાદ.

પોરો રે આવ્યો સંતો પાપનો, ધરતી માંગે છે ભોગ,
કેટલાક ખડગે સંહારશે, કેટલાક મરશે રોગ.

ખોટા પુસ્તક ખોટા પાનિયા, ખોટા કાજીના કુરાન,
અસલજાદી ચુડો પહેરશે, એવા આગમના એંધાણ.

કાંકરીએ તળાવે તંબુ તાણશે, સો સો ગામની સીમ,
રૂડી દીસે રળિયામણી, ભેળા અરજણ ભીમ.

જતિ, સતી અને સાબરમતી, ત્યાં હોશે શુરાના સંગ્રામ,
ઓતરખંડેથી સાયબો આવશે, આવે મારા જુગનો જીવન.

કાયમ કાળીંગાને મારશે, નકળંક ધરશે નામ,
કળિયુગ ઉથાપી સતજુગ થાપશે, નકળંક ધરશે નામ,
દેવાયત પંડિત એમ બોલ્યા, ઈ છે આગમનાં એંધાણ.

# ધણીની વાટુ જોતા ધણીનો મારગડો નિહાળતા

એ ધણીની વાટુ જોતા ધણીનો મારગડો નિહાળતા,
અસલ જુગ તો જતા રિયા,
એવી દીધી વાસા પાળો અમ ઘરે આવો આતમરામજી.

આકાશે દેવતા સમરે, હા એ ધણીને પાતાળે ભોરીંગ,
માનવી મૃતલોક સમરે, સમરે સરગાપરનો નાથ.

અંતક્રોડે સાધુ સમરે, હા એ ધણીની મેઘ જપે માળા,
વિશ્વાસ ઊભી વાટનો ભાઈ, એને કંઠડે વરમાળ.

સાહેબના મોલ હીરે જડિયા, હા રે ધણીના રત્ન જડિયા થંભા,
મીરા મો'લ પધારેશે ભાઈ, એને ટોડે નહીં તાળા.

પશ્ચિમના ધણી પાટે પધારો, હા રે જુગપતિ દીધી વાસા પાળો,
લીલુડે ઘોડે ચડી ભાઈ હંસલે ઘોડે ચડી, તારી મેદની સંભાળો.

બોલિયા દેવાયત પંડિત, હા રે જુગમાં કરો જેજેકાર,
કાળીંગારો કોપ ટાળો, સાહેબ સતશણગાર.

# નૂરિજન સતવાદી !

નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે,
એક મન કરો ને આરાધ જીવે રામ...

પ્રેહલાદ રે રાજાની વા'લે મારે, પોતે પત પાળી રે, જઈને હોળીમાં હોમાણાં રે, જીવે રામ,
નહોર વધારી વા'લે, હરણકંસ માર્યો, ઉગાર્યો ભગત પ્રહલાદ, જીવે રામ...
એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે...૦

બળી રે રાજાને વા'લે મારે બાંયે બળ દીધાં ને, સોનાની થાળીમાં જમાડયાં રે, જીવે રામ,
સાડા ત્રણ ડગલાં વા'લે મારે પૃથ્વી માગી ને, સોપ્યાં એને પાતાળુંના રાજ, જીવે રામ...
એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે...૦

હરિશ્ચંદ્ર રાજા તારાદેને વેચવાને ચાલ્યા રે, કુંવરને ડસિયેલો નાગ રે, જીવે રામ,
હરિશ્ચંદ્રે તારાને માથે ખડગ તોળ્યાં ને, હરિએ ઝાલ્યા એના હાથ જીવે રામ...
એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે...૦

પાંચ પાંચ પાંડવ માતા કુંતાના કેવાણા રે, છઠ્ઠાં હતાં દ્રોપદીજી નાર રે, જીવે રામ,
વૈરાટ નગરમાં વા'લે મારે મજૂરી મંડાવી રે, હતાં જેને હસ્તિનાપુર જેવાં રાજ જીવે રામ...
એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે...૦

વિના રે પારખ આપણે વણજું ના કરીએ, પત એમાં પોતાની જાય રે જીવે રામ,
પાતર પરખ્યા વિના સંગડો ના કરીએ રે, પત એમાં પોતાની જાય રે જીવે રામ,
દેવાયત પંડિત કહે તમે સૂણો રે દેવળદે રે, ધૂનો, જૂનો ધરમ સંભાળ રે, જીવે રામ...
એવા નૂરિજન સતવાદી ! આજ મારા ભાઈલા આરાધો રે...૦

# પૂર્વ પશ્ચિમ શંભુ ચડશે એંશી હજાર-લાખ જોધાર

પૂર્વ પશ્ચિમ શંભુ ચડશે એંશી હજાર-લાખ જોધાર હો જી,
ભગવા છે ઘોડા ને ભગવી છે ટોપી, ભગવા નિશાન ફરકશે હો જી.

ઉતરખંડથી હનુમો ચડશે એંસી હજાર-લાખ ઘોડા રે હો જી,
રાતા છે ઘોડા ને રાતી છે ટોળી, રાતા નિશાન ફરકશે હો જી.

પાતાલદેશથી કાળીનાગ ચડશે, એંસી હજાર-લાખ ઘોડા રે હો જી,
કાળા છે ઘોડા ને કાળી છે ટોપી, કાળા નિશાન ફરકશે હો જી.

બાર બાર મણની કમાનુ ઝાલશે, તેર તેર મણના ભલકા હો જી,
હનુમાન જોધા ત્યાં જઈ લડશે, કાળીંગાને મારશે હો જી.

બાર બાર મણના ડંકા ઝીલશે, જઈ પાવે પહોંચાડશે હો જી,
પાવાનો પતાઈ રાજ કરશે, તે દિ' કાળીંગાને મારશે હો જી.

અમદાવાદથી પાવા સુધી, પિતળની ધાણી મંડાશે હો જી,
કુડીયા કપટીયા ભુવા, પાવરિયાને ધાણીએ ધાલશે હો જી.

સોળ કળાનો સુરજ ઊગશે, તે દિ' તાંબાવરણી ધરતી થશે હો જી,
નવસે નવાણુ નદીઓ તુટી જશે, તે દિ' રેવાજી પાઘડી પને થશેજી.

મેઘાને માથે સોનાનુ બેડુ, તે દિ' નકળંગ નાળિયેર ઝિલશે,
આબુગઢ જુનાગઢ તોરણ બંધાશે, તે દિ' નકળંગ નાર પરણશે.

સોળ સે સતાણુ વરસ, અઠાણુ નવાણુ સાલમાં થશે હો જી,
દેવાયત પંડિત ઈમ વદે, તે દિ' નકળંગ નાર પરણશે હો જી.

# લોભી આતમને સમજાવો રે

લોભી આતમને સમજાવો રે,
મારા ગુરૂજીને પુછો રૂડા જ્ઞાન બતાવે જી.

હંસલા મેલીને બગલાને કોણ સેવેજી,
બગલા બાહેર ધોળા ને મનના મેલા રે.

હીરલા મેલીને પથરાને કોણ સેવેજી,
પથરા ઉપર ભીના ને અંદર કોરા રે.

કેસર મેલીને કેસુડાને કોણ સેવેજી,
કેસુડા ઉપર રાતા ને મુખે કાળા રે.

સુગરા મેલીને નુગરાને કોણ સેવેજી,
નુગરા નિશ્ચે નરકે લઈ જાય.

શોભાજીનો ચેલો પંડિત દેવાયત બોલિયા,
મારા સંતનો બેડલો સવાયો રે.

# વીરા અંગના ઉજળા બગલા મનના મેલા

વીરા અંગના ઉજળા બગલા મનના મેલા,
ઈ તો ધ્યાન સંતો જેવા ધરશે હા,

વીરા ભિક્ષા કારણ બગલો ભક્ષણ લાવે,
ઈ તો ચાંચેથી મછિયાં ખાવે રે,

ખભે કાવડ આદરી ધોરી ધમરા ઝીલે ભાર,
એ... મન જેણે માર્યા રે જી.

ખમયલનું ભાઈ ખાંડુ બાંધો,
બાંધો શીલ બરછી હથિયાર.

પંદર કરોડની મંડળી જેના પ્રહલાદરાજા મુખિયાર,
દશ કરોડના મન ડગી ગયા,
કરોડ પાંચ ચડ્યા નિર્વાણ.

છવ્વીસ કરોડની મંડળી જેના હરિશ્ચંદ્રરાજા મુખિયાર,
અઢાર કરોડના મન ડગી ગયા,
કરોડ નવ ચડયા નિર્વાણ.

છત્રીસ કરોડની મંડળી જેના બલીરાજા મુખિયાર,
ચોવીસ કરોડના મન ડગી ગયા,
કરોડ બાર ચડયા નિર્વાણ.

જે ઘેર નારી કુંભારજા, એ તો કરે પરની આશ,
ઇ ભાઈઓની વેલડી એમ ફળે,
જેમ ફળે ચોરાશીની ખાણ.

જે ઘેર નારી શીલવંતી, તે મા'લે દેવને દ્વાર,

ભાઈઓની વેલડી એમ ફળે,
જેમ ફળે આંબાની શાખ.

કળજુગ આંબો એમ ફળ્યો,
જેના ફળ ચાખશે શશિયાર,
શીલ સંતોષી ખમાવાળા, મારા સાહેવના છડીદાર.

પાંચા, સાતા, નવા, બારા, કરોડ તેત્રીસનો આધાર,
દેવાયત પંડિત બોલ્યા, ઈ પંથ ખાંડાની ધાર.

# વીરા પાતર પરખ્યા વિના સંગડો ન કરીએ

વીરા પાતર પરખ્યા વિના સંગડો ન કરીએ હો જી,
ઓલ્યા સરગની ઉપાધિ કરશે હા...

વીરા હિમનો ડરેલ એક ઉંદર હતો જી હો જી,
તેને હંસલે પાંખુમાં લીધો...હા,

વીરા ટાઢ રે ઊતરીને હંસની પાંખુ રે કાપી જી,
પાંખુ પાડી તે અળગો થયો રે હા.

વીરા સજીવનમંત્ર એક વિપ્રે રે ભણીયો જી હો જી,
તેણે મુવેલો વાઘ જીવાડયો ...હા,

વીરા ઈ રે વાઘ રે વિપ્રને માર્યો જી હો જી,
પડકારીને પેલે રે થાપે રે હા.

વીરા દુધ ને સાકર લઈને વસિયલ સેવ્યો જી હો જી,
તનમનથી વખડાં નવ છાંડયા...હા,

વીરા અજ્ઞાની જીવને તો જ્ઞાન નહીં આવે જી હો જી,
ભલે વાંચીને વેદ સંભળાવે હા.

વીરા ભવના ભુખ્યા રે નર તો ભમે રે ભટકતાં જી,
એના લેખ તો લખાણા હોય અવળા રે હા,

દેવલ ચરણે દેવાયત પંડિત બોલિયાં જી,
ઈતો સમજેલ નરથી સવાયા હા.

# કાળુજી

# દેખ ભાઈ અખંડ આરતી વાગી

દેખ ભાઈ અખંડ આરતી વાગી, આપ ખોજ્યા ને હૂવા અજવાળાં
જ્યોત આતમની જાગી..- દેખોભાઈ દેખો અખંડ આરતી વાગી....૦

સતગુરુએ જેને ભેદ બતાયા, નામની નોબત વાગી,
જાગ્યા રણકર સેજે સ્મરણ, સુન પર ખુમારી લાગી...
- દેખોભાઈ દેખો અખંડ આરતી વાગી....૦

ભેદ જાણ્યાને બ્રહ્મ પ્રગટ્યાં, અનભે અંગમાં લાગી,
ઈંગળા પીંગળા અમર ઢોળે, સેજે સુખમણા જાગી...
- દેખોભાઈ દેખો અખંડ આરતી વાગી....૦

પૂરણ પરશોતમ પિંડમાં પ્રગટ્યાં, મનોહર મોરલી વાગી,
ઉનમુન થઈને ઉભી અપસરા, સુરતા સુંદરી સોહાગી...
- દેખોભાઈ દેખો અખંડ આરતી વાગી....૦

કોટિન કોટિ સૂર પ્રગટ્યા, સોહંગ કળાયુ જાગી,
દાસ કાળુ કે સંતો મંગળગર ચરણે, સુરતા સાનમાં લાગી...
- દેખોભાઈ દેખો અખંડ આરતી વાગી....૦

# આરતીને ટાણે રે વે'લેરા

હે એવા આરતીને ટાણે રે વે'લેરા આવજો,
હે આવજો આવજો અજમલનાં કુંવર રે..
રણુજાનાં રાજા, ધૂપને રે ધુમાડે વે'લેરા આવજો..

હે એવા માતા મીનળ તે કાગળ મોકલે,
હે સગુણાબેની જુએ તમારી વાટ રે..
રણુજાનાં રાજા, ધૂપને રે ધુમાડે વે'લેરા આવજો..

હે એવા પિતા અજમલજી કાગળ મોકલે,
હે વિરમદેવજી જુએ તમારી વાટ રે..
રણુજાનાં રાજા, ધૂપને રે ધુમાડે વે'લેરા આવજો..

હે એવા ભાટી હરજી તે કાગળ મોકલે,
હે દાણીબાઈ જુએ ઝાઝેરી વાટ રે..
રણુજાનાં રાજા, ધૂપને રે ધુમાડે વે'લેરા આવજો..

# રમો રમો રામદેવ ખેલો કુંવર

રમો રમો રામદેવ ખેલો કુંવર મારી પત રાખો પર દંગાજી
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

ઉગ્યો રવિને કિરણાયું કિધી ત્યારે વાણિયે વાણ હંકારીયા જી...
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

એબ ગેબના વાગે નગારા મારેકાને મંજીરા સુનાયાજી...
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

સોનાની પાવડીને રુપાની બાવડી રૂમઝુમ કરતા આવ્યાજી...
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

વાણિયાની જહાજ બેડી બુડવાને લાગી ત્યારે હિંદવાપીરને સમર્યાજી...
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

હરી ચરણે ભાટી હરજી બોલ્યા તારા બાનાની પત રાખોજી...
જીવો રામદેવજી... જીવો રામદેવજી... રમો રમો રામદેવ...

# વાગે ભડાકા ભારી રે

વાગે ભડાકા ભારી ભજનના વાગે ભડાકા ભારી રે હોજી,
ભજનના વાગે ભડાકા ભારી.....
બાર બીજનાં ધણીને સમરું, નકલંકી નેજાધારી રે,
ભજનના વાગે ભડાકા ભારી....

ધ્રૃવ રાજાને અમર રાખ્યો, પ્રહલાદ ઉગાર્યો પડકારી,
સંધ્યાકાળે દૈત્ય સંહાર્યો, હરીએ ન્હોર વધારી,
ભજનના વાગે ભડાકા ભારી.....

સતી રુપાંદેનું સત રાખવા, માળી બન્યાં છે મુરારિ,
માલે રુપાનાં હેરણા હેર્યાં,આરાધે મોજડી ઉતારી,
ભજનના વાગે ભડાકા ભારી....

તોળી રાણીએ ત્રણ નર તાર્યા,જેસલ ઘરડાની નાર,
સુધન્વાને બળતો ઠાર્યો, કકડતાં તેલ જ ઠારી,
ભજનના વાગે ભડાકા ભારી....

પળ પળ પીર રામદેને સમરું, તું છો મારે અલેક અવતારી,
દોઈ કર જોડી ભાઠી હરજી બોલ્યાં, ધણી ધાર્યો નેજાધારી,
ભજનના વાગે ભડાકા ભારી....

વાગે ભડાકા ભારી ભજનના વાગે ભડાકા ભારી રે હોજી,
ભજનના વાગે ભડાકા ભારી.....

# કેશવલાલ ભટ્ટ

# જીભને શિખામણ

લખુડી, લખલખ કર મા, ભજ ભાવે ભગવાન.
તર, આવી છે તક આ તુંને, મેલ સલુણી માન··· લખુડી···

વિવિધ વિષયનાં વર્ણન વખતે ભૂલ ન ભોળી ભાન.
નવ બોલ્યામાં નવ ગુણ એનું કેમ ન સમજે શાન ?... લખુડી···

ષડરસ ભોજન વિષમ વિસારી કર હરિરસનું પાન.
અવસર જાય અરે આ અમથો, એ જ ખરેખર જાન··· લખુડી···

પરનિંદા પિશુનાઈ પરી કર, લે તરવાનું તાન.
કૂડ કપટ છલ ભેદ ભમેલી, આખર નરક નિદાન···. લખુડી···.

વિનય વિવેક ભરેલાં વચનો છે પીયૂષ સમાન.
ઈચ્છા હોય તને તો તેનું દે લે પ્રતિદિન દાન···. લખુડી···..

ગુણસાગર નટવરનું નિશદિન ગુણિયલ, કરને ગાન.
સારું નરસું સર્વ સુણે છે કેશવ હરિના કાન········· લખુડી···..

# તૂટ્યો મ્હારો

તૂટ્યો મ્હારો તંબૂરાનો તાર, ભજન અધૂરું રે,
રહ્યું ભગવાનનું....

એક તૂટ્યા બીજા રે તાર અસાર છે,
જીવાળીમાં નહિ હવે જીવ જીઃ
પાસ પડ્યા પોચા રે નખલિયું નામનું....
તૂટ્યો મ્હારો....

તરડ પડી છે રે બાતલ તુંબડે,
લાગે નહીં ફૂટી જતાં વાર જીઃ
ખૂંટીને ખેંચાવું રે કાંઈ ન કામનું...
તૂટ્યો મ્હારો....

સ્વર મેળવિયે શેમાં રે તાલ બેતાલ છે,
ઢોલકમાં પણ કાંઈ ન ઢંગ જીઃ
બંધ થયું છે બારું રે હરિરસ પાનનું...
તૂટ્યો મ્હારો....

ખર્ચી હવે ખૂટી રે બૂટી અહ્ને બીજી નથી,
હરિ હવે ઝાલો તમે હાથ જીઃ
કહું છું કામ ન મ્હારે ધનજનધામનું...
તૂટ્યો મ્હારો....

કેશવ હરિની કરણી રે કોઈ ન જાણી શકે,
વાણી મન પાછાં વળી જાય છેઃ
બલ ચાલે નહિ એમામ્હે મહા બલવાનનું...
તૂટ્યો મ્હારો....

# મનને મનામણી

રે મન માન કહ્યું તું મારૂં, રે મન૦ એ ટેક.

મીથ્યા ધામ ધરાધન જોબન, શું કરે મારૂં મારૂં;
સાથ સબંધી સખાવત કોના, આ તન પણ પડનારૂં. રે મન૦ ૧

જન્મ મરણનું કાળ વગાડે, પ્રતિદિન પ્રગટ નગારૂં;
નરભવ રત્ન સમજી લે શાણા, ભવસાગરનું બારૂં. રે મન૦ ૨

વીકટ વીષયના પંથ વિષે તું, પરભવમાં પ્રબારૂં;
વિનય વિવેક વષે સમજી લે, શું નરસું શું સારૂં. રે મન૦ ૩

શમદમ સાધન શ્રેષ્ઠ સમજી લે, ઉત્તમપદ દેનારૂં;
"'કેશવ"' કહે પ્રભુપદ પંકજને, પ્રાણ થકી કર પ્યારૂં. રે મન૦ ૪

# પ્રીતમ

# સંગત તેને શું કરે

સંગત તેને શું કરે, જઈને કુબુદ્ધિમાં ધરે કાન. ટેક

મરી કપૂર બેઉ ભેગાં રહેતા રે, નિરંતર કરી એક વાસ;
તોય તીખાશ એની ન ટળી રે, એની કુબુદ્ધિમાં નાવ્યો બરાસ. ૧

ચંદન ભેળો વીંટીને રે'તો રે, રાત દિવસ ભોયંગ;
તોય કંઠેથી વિષ ન ગયું રે, એને ન આવી શીતળતા અંગ. ૨

રાણી ને દાસી ભેગા રહેતાં રે, જમતાં નિત્ય કરી પ્રીત;
તોય શાણી સમજી નહિ રે, એને ન આવી રાજકુળની રીત. ૩

મોટો ખર એક બાંધિયો રે, રાજતણી ઘોડશાળ;
બોલી ઠોલી તો બદલી નહિ રે, ચંદી ખાતો'તો હારોહાર. ૪

દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને ન આવી કમળની સુવાસ. ૫

પથ્થર રહેતો પાણીમાં રે, ઊંડો કરીને નિવાસ;
પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાસ. ૬

# રવિસાહેબ

# આ કોણે બનાવ્યો ચરખો?

નુરતે સુરતે નીરખો
એના ઘડનારાને પરખો;
આ કોણે બનાવ્યો ચરખો ?

આવે, જાવે એ બોલાવે,
જ્યાં જુઓ ત્યાં સરખો;
દેવળ, દેવળ કરે પુકારા,
પારખ થઈને પરખો !.. આ કોણે..

ધ્યાનકી ધૂનમેં જ્યોત જલત હે,
મીટ્યો અંધાર અંતરકો;
એ અજવાળે અગમ સૂઝે,
ભેદ જડ્યો ઉન ઘરકો.. આ કોણે..

પાંચ તત્વ કા સાજ બનાયા,
ખેલ ખરો એ નરકો;
પવન-પૂતળી રમે પ્રેમસે,
જ્ઞાની હોકે નીરખો.. આ કોણે..

રવિરામ બોલ્યા પડદા ખોલ્યા,
મૈં ગુલામ ઉન ઘરકો;
એ ચરખાની આશ ન કરજો,
ચરખો નહીં રહે સરખો.. આ કોણે..

# એવી ઝણણણણ ઝાલર વાગી રે

એવી ઝણણણણ ઝાલર વાગી રે, મેં તો જોયું તખ્ત પ્ર જાગી રે;
મને સંત મળ્યા સોહાગી રે, એની મધુરે શી મોરલી વાગી રે!

મુખકમળથી ઊપડીને, હૃદય કમળમાં બોલે;
નાભિકમળથી મારી સુરતા ચાલી, ઊભી ત્રિવેણીમં ડોલે રે.

સતનામ ઘોડો શણગારીઓ, અલખની કરી લગામ;
ચાંદો સૂરજ બેય પાવડે, એનો ચડનારો ચતુર સુજાણ રે.

ગગન મંડળમાં ગોખલો, નર સૂતો નિરધાર;
ત્રણ પુરુષ એની સેવા કરે, રામ કબીર રણુંકાર રે.

સદ્-ગુરુએ અમને ઉરમાં લીધાં, માર્યાં મોહનીનાં બાણ;
વિચાર અક્રો તો વૈદ ન જાણે, ભીતર પ્રગટ થયા ગુરુ ભાણ.

સોહં સોહં તારા ઘટમાં વસે, સુરતા કરે એની સેવ;
ભાણ પ્રતાપે રવિદાસ કહે, મને મળિયા નિરંજન દેવ રે.

# મૂળ રે વિનાનું

મૂળ રે વિનાનું કાયા ઝાડવું રે જી,
એજી એને પડતાં ન લાગે વાર... મૂળ રે૦

એને પ્રેમનાં પાણીડાં સિંચાવજો,
એની મૂરત સૂરત પાણિયાર... મૂળ રે૦

એને સતનાં તે ખાતર પુરાવજો,
એની પાલ્યું પહોંચી પિયાની પાસ... મૂળ રે૦

એને શીલ ને સંતોષ બે ફળ હુવાં જી,
એ જી એ તો અમર ફળ કહેવાય... મૂળ રે૦

કહે રે રવિ ગુરુ ભાણને પ્રતાપે,
એ જી પ્રભુને ભજો તો ભવ પાર રે... મૂળ રે૦

# રામને ભજ્યા વિના

રામને ભજ્યા વિના પાર નહીં પામો,
હે જી આતો ધુતારાના શહેર છે.

જન્મ્યો તે'દી શું બોલતો બંદા,
આજની બોલીમાં ઘણો ફેર છે.
કરી કમાણી તારી ચોપડે ચડશે,
લેખા લેવાને ધણી મારો તેડશે. રામને ભજ્યા.. ૧

મોટાઈ તારી રે બંદા નથી મેલતો,
ઈ રે મોટાયું તને વેડશે.
ધન રે દોલતમાં તારુ મનડું લોભાણું,
પ્રભુના ભજનમાં તને વેર છે. રામને ભજ્યા.. ૨

ભવસાગરમાં સાચા રે મોતી,
છીપે છીપે ઘણો ફેર છે.
બાવા થયા તેથી શું રે થયું ભાઈ,
પ્યાલે પ્યાલે ઘણો ફેર છે. રામને ભજ્યા.. ૩

કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે,
દિધા વિના ક્યાંથી પામશો.
દેજો ને લેજો, કરજો ભલાયું,
અહીયાં તો પ્રભુની ઘણી મહેર છે. રામને ભજ્યા.. ૪

રામને ભજ્યા વિના પાર નહીં પામો,
હે જી આતો ધુતારાના શહેર છે.

# લાગ્યાં શબદનાં બાણ

જેને વાગ્યા શબદના બાણ રે, જેના પ્રેમે વીંધાયેલા પ્રાણ રે.

પતિવ્રતા જેના પિયુ પરદેશે,એની કેમ ઝંપાવું ઝાળ રે ?
નાથ વિના અમને નિંદ્રા ન આવે,સૂતા સેજલડી શૂળી સમાન રે... જેને.

દીપક દેખી જ્યારે મનડા લોભાણાં,ત્યાં પતંગે છોડ્યા એના પ્રાણ રે,
આપ પોતાનું જ્યારે અગ્નિમાં હોમ્યું,ત્યારે પદવી પામ્યો એ નિર્વાણ રે... જેને.

ચંદ્ર ચકોરને પ્રીત બંધાણી,બંદા ચાંદો વહે આસમાન રે,
દેહ ઉલટાવે તોય દ્રષ્ટિ ન પલટે,જેનાં નયણાંમાં ધૂરે એ નિશાન રે... જેને.

જળ શેવાળને પ્રીત ઘણેરી બંદા,મીન વસે જળ માંય રે,
સૂકા ગયા નીર ત્યારે પ્રાણ વછૂટ્યા,જો જો પ્રીત કર્યાના પ્રમાણ રે... જેને.

ઊડી ગઈ રજની ઢળી ગયા તિમિર, તોય ન મટ્યાં અભિમાન રે.
કહે રવિદાસ સત ભાણ પ્રતાપે,તોય ન મટ્યાં અભિમાન રે... જેને.

કહે **રવિદાસ** સત ભાણ પ્રતાપે,સ્વપ્નું સંસારિયો જાણ રે,
જેને વાગ્યા શબદના બાણ રે,જેના પ્રેમે વીંધાયેલા પ્રાણ રે.

# સમરુ સાંજ સવેરા

સમરુ સાંજ સવેરા, એવા ગુણના પતિ સૂંઢાળા રે, સૂંઢાળા જી.

માતા રે કહીયે જેની પાર્વતિ, એ સ્વામી,
હે પિતા રે શંકર દેવા... એવા ગુણના..

ગીરે સિંદુરની તમને સેવા ચઢે રે સ્વામી,
હે ગળે ફુલડાંની માળા... એવા ગુણના..

મયુર મુંગટ, સીરે છત્ર બિરાજે સ્વામી,
હે કાને કુંડળ માળા... એવા ગુણના..

અઢારે વરણના તમે વિઘ્ન હરો છો સ્વામી,
હે ધરમે બાંધેલ ધર્મશાળા... એવા ગુણના..

કહે રવિરામ સંતો ભાણના પ્રતાપે સ્વામી,
હે ખોલે બ્રહ્મના રે તાળા... એવા ગુણના..

# ગુરગમ ખોજો રે આ ઘટમાં

ગુરગમ ખોજો રે આ ઘટમાં વો ઘટમાં...
ગુરુ ગમ ખોજો રે આ ઘટમાં, ઓ ઘટમાં

કર સતગર કી સેવ, ઔર સબ જૂઠી બાજી,
દેખ પતંગ કો રંગ, તા હી પર દનિયા રાજી,
સત શબદ સૂઝે નહીં, જૂઠ જૂઠ કં ધ્યાય ;
આપકી તો ગમ નાહીં રે, કહાં સે આયા કહાં જાય...ગર ગમ ખોજો રે... આ ઘટમાં...

દૂર દેખન મત જાવ, પકડ સૂરતા કી દોરી,
કરો શબદસે મેળ, રહો તમ કોઈ સ્વર જોડી,
શબદ પાર હે સાહેબ, જો સતગર સમજાઈ;
અક્ષર આદ અનાદિકા, અક્ષરાતિત ઓળખાઈ...ગર ગમ ખોજો રે... આ ઘટમાં...

સહજ શૂન્ય કે માંહી, પરમ હંસા કા વાસા,
નિરાધાર નિરવાણ, કબહં હોવે ના નાશા,

કરમ ભરમ સબ ભાંગ કે, કર સતગર કી સેવ;
સાન સમજ લે સતગર કી, અવર દેવ નહીં કોઈ....
બાજી સબ હદ માંહી, બેહદ કિરતાર કહાવે,
અનહદ ઉઠે અપરંપાર ભાણ ગર ભેદ બતાવે,
બાહિર ભીતર એક તાર હે, રમતા રામ કબીર;
ખીમ કહે છે ખલક દરિયા, સનમખ સાધ્યા તીર...ગર ગમ ખોજો રે... આ ઘટમાં...

ગુરૃ ગમ ખોજો રે... આ ઘટમાં...

# જા મુખ સેં સિયારામ ન સમર્યા

જા મુખ સેં સિયારામ ન સમર્યા..
જા મુખસેં સિયારામ ન સમર્યા ,તા મુખમેં તેરે ધૂર પરી ...
જા મુખસેં સિયારામ ન સમર્યા....૦

રામ નામ બિન રસના કેસી? કર ઉનકી ટૂકડા ટૂકડી,
જિન લોચન હરિ રૂપ ન નીરખ્યા ,તા લોચન મેં લણ ભરી ..
-જા મુખસેં સિયારામ ન સમર્યા....૦.

રતન પદારથ મનુષ્ય જનમ હે, આવત નહીં કુછ ફેર ફરી ,
અબ તેરો દાવ પડ્યો હે મુરખ !કરનાં હોય સો લેને કરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા....૦

ધિક્ તેરો જનમ જીવન તેરો ધિક્ હે,ધિક્ ધિક્ મનષ્યકી દેહ ધરી,
જીવત તાત મૂવે નહીં તેરા, કયં તં આયો ગેમાર ફરી...
-જા મુખસેં સિયારામ ન સમર્યા....૦

પાંવ પસારી સકૃત નવ કીનો,જપ તપ તીરથે ડગ ના ભરી,
ખીમ કહે નર આયો એસો જાયગો, વા કં ખાલી ખેપ પરી ...
-જા મુખસેં સિયારામ ન સમર્યા....

# જુઓ ને ગગના હેરી

જુઓ ને ગગના હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...
જુઓ ને ગગનાં હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...

તરવેણીમાં ટંકશાળ પડત હૈ, તા પર ઝીણી શેરી ,
અખર અજીતા આસન બેઠા, નગર બસાયા ફેરી...
- કોઈ જુઓને ગગનમાં હેરી....૦

ઘડી ઘડીનાં ઘડીયાળાં વાગે, ઝીણી ઝીણી વાગે સૂર ઘંટેરી,
ઢોલ નગારાં શરણાયં વાગે, ધૂમ મચી હે ચો ફેરી...
- કોઈ જુઓને ગગનમાં હેરી....૦

ગગન મંડળ મેં કર લે વાસા, વહાં હે જોગી એક લહેરી,
નૂરતે સરતે નામ નીરખ લે , સખમણા માળા ફેરી...
- કોઈ જુઓને ગગનમાં હેરી....

સ્વાસ ઉચ્છવાસ દોનં નહીં પહોંચે , વહાં લે' લાગી મેરી,
સતગરએ મં ને સાન બતાવી , જાપ હે અજપા કેરી...
- કોઈ જુઓને ગગનમાં હેરી....૦

સાચા સતગર નેણે નીરખ્યા, મીટ ગઈ રેન અંધેરી,
ખીમદાસ ગર્ ભાણ પ્રતાપે,અબ ચોટ નહીં જમ કેરી...
- કોઈ જુઓને ગગનમાં હેરી....૦

# રામ શબદની માળા

રામ શબદની માળા રાટોને વાહલા
ટાળે જનમના જંજાળા સંતો વહાલા... હે જી રે.

કૂંચી કરી લે ગુરુ જ્ઞાનની ખોલે ઈ મોહના તારે હે જી
ઈ તાળાને દૂર કરો તો ઘટ ભીતર અજવાળા સંતો
રામ શબદની માળા રે હે જી....

આ કાયામાં પરગટ ગંગા શીદ ફરો પંથ કાળા રે હે જી...
ઈ ગંગામાં અખંડ નહાઈ લ્યો મત નાવ નદીયું ને નાળા સંતો
રામ શબદની માળા રે હે જી....

આ કાયામાં બુદ્ધિ સમુંદર ચલત નાવ ચોધારા રે હે જી.
તે નાવમાં હીરલા ને માણેક ખોજે ખોજન હારા સંતો
રામ શબદની માળા રે હે જી....

આપે સમજલે સમરણ કરી લે ચિતમાં કર તું ચાળા હે જી
ખીમ સાહેબ કહે ભાણ પ્રતાપે હરદમ બોલે પ્યારા સંતો
રામ શબદની માળા રે હે જી....

# હો રામૈયા તો જા રંગ ઘણો

હો રામૈયા તો જા રંગ ઘણો વારી વારી કરબાન ...
હો રામૈયા તોજા રંગ ઘણા રે, વારી વારી કુરબાન..
-હો રામૈયા તોજા રંગ ઘણા રે.....૦

સોળસો ગોપીમાં રાસ રચ્યો રે, કેસર ભીનો કાન,
જિતે જેડો તિતે તેડો, મુંજો મનડો થ્યો મસ્તાન...
-હો રામૈયા તોજા રંગ ઘણા રે

રાવણ મારી વિભિષણ થાપ્યો, હરણાકંસની હાણ
પ્રેહલાદની વ્હાલે પત રાખી, તો ગજ ગણિકા વેમાન...
-હો રામૈયા તોજા રંગ ઘણા રે.

સખ જો કરતા દઃખ જો હરતા, નામે વડો નિશાન,
ભગત ઓધારણ ભૂધરો વા'લો , મેટી ચારે ખાણ...
-હો રામૈયા તોજા રંગ ઘણા રે.....

સંત ઓધારણ અસર સંહારણ, વાલી લાગે તોજી ના
ખીમદાસ ગર્ ભાણ પ્રતાપે, કબુવે ન કેંજી હાણ...
-હો રામૈયા તોજા રંગ ઘણા રે.....

# શામળ

# કોણ?

કોણ પૃથ્વીથી પ્રૌઢ ? કોણ અણુથી પણ નાનો?
કોણ પવનથી પહેલ? કોણ દેવોથી દાનો?
કોણ ઇન્દુથી વિમળ? કોણ અગ્નિથી તાતો?
પયથી ઉજ્જ્વળ કોણ? કોણ મદિરાથી માતો?
વળી કવણ તેજ તરણિ થકી? કોણ શર્કરાથી ગળી?
કવિ શામળ કહે ઉત્તર લખો, તો તો પહોંચે મન રળી.

કવણ તરણથી તુચ્છ? કવણ મણિથી મોંઘો?
સ્વર્ગથી શોભે કવણ? કવણ કુશકાથી સોંઘો?
કવણ બરાસથી બહેક? કવણ કાજળથી કાળો?
કવણ લોહથી કઠણ? કવણ બાળકથી બાળો?
વળી કવણ વીંછીથી વેદના? કવણ સર્વથી છે ગળી?
શામળ મેલું શું મેશથી? કહો તો પહોંચે મન રળી.

# કોણનો જવાબ

મહીથી મોટું દાન, અણુથી લોભી નાનો;
પવનથી પહેલું મન, વિવેક દેવોથી દાનો;
ચન્દ્રથી નિર્મળ ક્ષમા, ક્રોધ અગ્નિથી તાતો;
દૂધથી ઉજળો યશ, અમલ મદીરાથી માતો;
છે તેજ તરિણિથી નેત્રનું, ગરજ સાકરથી ગળી;
શામળ કહે ઉત્તર લખ્યો, પહોંચી તેની મન રળી.

તૃણથી જાચક તુચ્છ, મણિથી સદ્-ગુણ મોંઘો;
સ્વર્ણથી શોભે સપૂત, ગરીબ કુશકાથી સોંઘો;
કીર્તિ બરાસથી બહેક, કપૂત કાજળથી કાળો;
સૂમ લોહથી કઠણ, અજ્ઞ બાલકથી બાળો;
દુર્વચન વીંછીથી વેદના, મિષ્ટ વાણી સહુથી ગળી;
છે કલંક મેલું મેશથી, પહોંચી તેની મન રળી.

# અનામી

# ધૂણી રે ધખાવી બેલી

ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની
હરીના એ નામની રે અલખના એ ધામની... ધૂણી રે ધખાવી

ભૂલો રે પડ્યો રે હંસો આંગણે ઊડીને આવ્યો
તન-મનથી તરછોડાયો, મારગ મારગ અથડાયો
હે ગમ ના પડે રે એને ઠાકુર તારા નામની... ધૂણી રે ધખાવી

કોને રે કાજે રે જીવડા ઝંખના તને રે લાગી
કોની રે વાટ્યું જોતા ભવની આ ભાવટ ભાગી
હે તરસ્યું રે જાગી જીવને ભક્તિ કેરા જામની.. ધૂણી રે ધખાવી

# તુળસીને પાંદડે તોલાણા

ગુણ તો ગોવિંદના ગવાણા,
ઓ નાથ તમે, તુળસીને પાંદડે તોલાણા

ઓ નાથ તમે
તુળસીને પાંદડે તોલાણા
હે જી એવા ગુણ, તો ગોવિંદના ગવાણા

ઓ નાથ તમે, તુળસીને પાંદડે તોલાણા

બોડાણે બહુ નમીને સેવ્યા, બોલડીયે બંધાણા
કૃપા કરીને પ્રભુજી પધાર્યા, ડાકોરમાં દર્શાણા

ઓ નાથ તમે, તુલસીને પાંદડે તોલાણા

હેમ બરાબર મૂલ કરીને, વાલ સવામાં તોલાણા
બ્રાહ્મણને જ્યારે ભીંઠપણ આવ્યુ, ત્યારે સખીઓને વચને વેચાણા

ઓ નાથ તમે, તુળસીને પાંદડે તોલાણા

મધ્ય ગુજરાતમાં રચી દ્વારિકા, વેદ પુરાણે વંચાણા
હરિગુરુ વચન કહે વણલખે, જગત બધામાં જણાણા

ઓ નાથ તમે, તુળસીને પાંદડે તોલાણા
ઓ જી એવા ગુણ, તો ગોવિંદના ગવાણા

ઓ નાથ તમે, તુળસીને પાંદડે તોલાણા

# ભાવે ભજીલ્યો ભગવાન

તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
કંઈક આત્માનું કરજો કલ્યાણ, જીવન થોડું રહ્યું
એણે દીધેલા કોલ તમે ભૂલી ગયાં
જૂઠી માયા ને મોહમાં ફસાઈ ગયાં
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
બાળપણ ને યુવાનીમાં અડધું ગયું
નહિ ભક્તિના મારગમાં ડગલું ભર્યું
હવે બાકી છે એમાં દ્યો ધ્યાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
પછી ઘડપણમાં પ્રભુ ભજાશે નહિ
લોભ વૈભવ ને ધનને તજાશે નહિ
બનો આજથી પ્રભુમાં મસ્તાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો
કૈંક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો
છીએ થોડા દિવસના મહેમાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
બધાં આળસમાં દિન આમ વીતી જાશે
પછી યમનું ઓચિંતુ તેડું થાશે
નહિ ચાલે તમારું તોફાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું
એ જ કહેવું આ બાળકનું દિલમાં ધરો
ચિત્ત આપી મહાવીરને ભાવે ભજો
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન, જીવન થોડું રહ્યું
તમે ભાવે ભજી લ્યો ભગવાન, જીવન થોડું રહ્યું

# હે કરુણાના કરનારા

હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી
હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

મેં પાપ કર્યા છે એવાં, હું તો ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોને ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી
અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

કદી છોરુ કછોરું થાયે, પણ તું માવિતર કહેવાયે
મીઠી છાયાના દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો
મારી નાવના ખેવણહારા, તારી કરુણાનો કોઈ પાર નથી

છે જીવન મારું ઉદાસી, તું શરણે લે અવિનાશી
મારા દિલમાં હે રમનારા, તારી કરુણાનો કોઈ પાર નથી

# વાડીનો મોરલો

વાડીના  મોરલા  ! આવજે હો !
મ્હારી વાડીના  મોરલા  ! આવજે હો !

મ્હારા ઘરચોકમાં નિત નિત આવજે;
વાડીના મોરલા ! આવજે હો !

ત્હારી કળાએ ઉગી અગણિત ભાતો;
એમાંની એક તો આલેખજે હો !
વાડીના મોરલા ! આવજે હો !

કલ્પનાની મંજરી શી કનકની કલગી;
દોડજે, ઉમંગે ડોલાવજે હો !
વાડીના મોરલા ! આવજે હો !

મીઠા લાગે મ્હને ત્હારા ટહુકડા;
ટહૌકી, કળાયલ ! નાચજે હો !
વાડીના મોરલા ! આવજે હો !

અન્તરની પ્રીત સમી ચાલ ત્હારી, મોરલા !
ફૂદજે તું, દૂર ના ઉદજે હો !
વાડીના મોરલા ! આવજે હો !

# રબારણ

આવો રબરણ હો ! મ્હારે નેસલડે, હૈયાનાં પાવું અમીડાં રે :

રબારણ હો ! મ્હારે નેસલડે.

મ્હારો નેસલડો હો! કે વનની વચ્ચે, રબારણ ! જાને છે કોક જાણનાર :

રબારણ હો ! મ્હારે નેસલડે.

ધમ્મર વલોણાં હો! કે નેસને ગર્ભે, રબારણ ! તાણે છે કોક તાણનાર :

રબારણ હો ! મ્હારે નેસલડે.

ચમકાવે ચાંદની હો ! કે મ્હારાં મહીડાં, રબારણ ! જાને છે કોક જાણનાર :

રબારણ હો ! મ્હારે નેસલડે.

મોંઘા માખણિયાં હો! ઉતારવા ધૂમો, રબારણ ! લ્હાણે છે કોક લ્હાણનાર :

રબારણ હો ! મ્હારે નેસલડે.

સ્વાદ અનબોટ્યો હો ! અંતરના રસનો, રબારણ ! માણે છે કોક માણનાર :

રબારણ હો ! મ્હારે નેસલડે.

# સુખ છે તમારા શરણમાં

પ્રભુ વિના બીજે ક્યાંયે સુખ નથી, હો શામળિયાજી
સુખ છે તમારા શરણમાં.

સુખ છે તમારા શરણમાં,
એ મારા ગુરુ એ કહ્યું કરણમાં ... હો શામળિયાજી!

જપતપ તીરથ મારે ચારે પદારથ,
એ સૌ આપના છે ચરણમાં ... હો શામળિયાજી.

પ્રેમ કરીને હ્રદયમંદિરે, પધારો - વ્હાલા!
ન જોશો જાત કુળ વરણમાં ... હો શામળિયાજી.

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ વ્હાલા!
આડે આવજો મારા મરણમાં ... હો શામળિયાજી.

# જય જય યોગીજી જય

જય જય યોગીજી જય સ્વામી શ્રીજી,
બોલાવે બાલુડા આજ
યોગીરાજ મૂકો અબોલડા... ટેક

હૈયાના ભાવ તમે જો જો યોગીજી,
છેડ્યા છે અંતરના સાજ... યોગીરાજ ૧

વાણી તમારી બાપા લાગે છે પ્યારી,
બોલો હવે તો દઈને તાળી;
કરશો ના અમને નારાજ... યોગીરાજ ૨

મનડું મૂંઝાય છે ને જીવ ગભરાય છે,
હૈયાનો સાગર હવે છલકાય છે;
તૂટી આ પલકોની પાજ... યોગીરાજ ૩

બાપા દોડે છે જોઈ રોતા બાળને,
કેમ સહન કરી શકે આંસુડાની ધારને;
સૂણી અમારો અવાજ... યોગીરાજ ૪

તમારે અનેક છે ને અમારે તું એક છે,
તમ દર્શનની લીધી અમે ટેક છે;

છોડી છે દુનિયાની લાજ... યોગીરાજ ૫

બાળ હઠ લઈને બાળ ઊભો છે દ્વારે,
યોગીજી વિના બીજું કોણ ઉગારે;
થઈ જાશું અમે તારાજ... યોગીરાજ ૬

સોંપી છે તમને જીવનની નાવડી,
ખોળે લઈ લેજો ઝાલીને બાવડી;
આશા પૂરી કરજો આજ... યોગીરાજ ૭

'ઘનશ્યામ'ને હેતે હૈયામાં ચાંપજો,
અવિચળ ભક્તિ અંતરમાં સ્થાપજો;
દયાળુ યોગી મહારાજ... યોગીરાજ ૮

# પ્રથમ પહેલાં પુજા તમારી

પ્રથમ પહેલાં પુજા તમારી, મંગળ મુર્તિવાળા,
કોટી વંદન તમને સુંઢાળા, નમીએ નાથ રૂપાળા ગજાનન...

પ્રથમ સમરીએ નામ તમારા, તો ભાગે વિઘન અમારા,
શુભ શુકનીએ તમને સમરીએ, દિન દયાળુ દયાવાળા...ગજાનન

શંકટ હરણને અધમ ઓધારણ, ભય ભંજન રખવાળા,
સર્વ સફળતા તમથી ગણેશા, સર્વ સ્થળે સરવાળા...ગજાનન

અકળ ગતી છે મારા નાથ તમારી, જય જય નાથ સુંઢાળા,
દુ:ખડા હરો ને સુમતી આપો, ગુણના એક દંતવાળા...ગજાનન

જગત ચરાચર ગુણપતી દાતા, હાલી હરો હરવાળા,
સેવક સમરે ગુણપતી ગુણને, ઉરમાં કરોને અજવાળા...ગજાનન

# તું રંગાઇ જાને રંગમાં

સીતારામ તણા સત્સંગમાં,
રાધેશ્યામ તણા તુ રંગમાં,તું રંગાઇ જાને રંગમાં.

આજે ભજશું, કાલે ભજશું, ભજશું સીતારામ, ક્યારે ભજશું રાધેશ્યામ,
શ્વાસ ખૂટશે, નાડી તૂટશે,
પ્રાણ નહીં રે તારા અંગમાં.

જીવ જાણ તો ઝાઝું જીવશું, મારું છે આ તમામ,પહેલાં અમર કરી લઉં નામ,
તેડું આવશે, જમનું જાણજે,
જાવું પડશે સંગમાં.

સહુ જન કહેતા પછી જપીશું, પહેલાં મેળવી લ્યોને દામ,રહેવાના કરી લો ઠામ,
પ્રભુ પડ્યો છે એમ, ક્યાં રસ્તામાં,
સહુ જન કહેતા વ્યંગમાં.

ઘડપણ આવશે ત્યારે ભજશું, પહેલાં ઘરના કામ તમામ,પછી ફરીશું તીરથ ધામ,
આતમ એક દિન ઊડી જાશે,
તારું શરીર રહેશે પલંગમાં.

બત્રીસ જાતનાં ભોજન જમતાં, ભેળી કરીને ભામ,એમાં ક્યાંથી સાંભરે રામ,
દાન-પુણ્યથી દૂર રહ્યો તું,
ફોગટ ફરે છે ઘમંડમાં.

રંગ રાગમાં ક્યારે રટાશે, રહી જશે આમ ને આમ,
માટે ઓળખ તું આતમરામ,બાબા આનંદ હરિ ૐ અખંડ છે,
ભજ તું શિવના સંગમાં.

# હંસલા હાલો રે હવે

હંસલા હાલો રે હવે, મોતીડાં નહી રે મળે,
આ'તો ઝાંઝવાના પાણી, આશા જુઠી રે બંધાણી
મોતીડાં નહી રે મળે . . .

ધીમે-ધીમે પ્રીતી કેરો દીવડો પ્રગટાવ્યો,
એને રામના રખોપે મે'તો ઘુંઘટે ઓઢાડ્યો
પણ વાયરો વાયો રે ભેંકાર, માથે મેહુલાનો માર
દીવડો નહી રે બળે ...
મોતીડાં નહી રે મળે . . .

વેલો રે મોડો રે મારો સાહ્યબો પધારે,
એને કહેજો કે ચુંદડી, લાશે રે ઓઢાડે
કાયા ભલે રે બળે, માટી માટીમાં મળે
પ્રીતડી નહી રે બળે...
મોતીડાં નહી રે મળે . . .

# જીવનની જાગૃતિ માટે

જીવનની જાગૃતિ માટે અમારી પ્રાર્થના પ્રભુજી
અમારી ઊન્નતિ માટે અમારી પ્રાર્થના પ્રભુજી

અમે સાચા અને શૂરા બનીએ મન વચન કર્મે
અને સજ્જન થવા પૂરા અમારી પ્રાર્થના પ્રભુજી

અમારૂ સ્થાન મેળવીએ, અમારૂ સ્થાન જાળવીએ
અને એ સ્થાન શોભાવવા અમારી પ્રાર્થના પ્રભુજી

અમારાથી કરાશે તે પ્રભુ પ્રેર્યું તમારૂ છે
અમે યંત્રો તમે યંત્રી, અમારી પ્રાર્થના પ્રભુજી

# રામો બાવો

# અઘોર નગારાં તારાં વાગે

અઘોર નગારાં તારાં વાગે
ગરનારી વેલા ! અઘોર નગારાં તારાં વાગે !

ભવે રે સરમાં દાતણ રોપ્યાં રે
ચોય દશ વડલો બિરાજે. -- ગરનારી૦

ગોમુખી ગંગા ભીમકંડ ભરિયા
પરચે પાણીડાં પોંચાડે. -- ગરનારી૦

ચોસઠ જોગણી બાવન વીર રે
હોકાર્યાં મોઢાં આગા હાલે. -- ગરનારી૦

વેલનાથ ચરખે બોલ્યા રામૈયો ધાણી
ગરનારી ગરવે બિરાજે. -- ગરનારી૦

# આવો તો આનંદ થાય

આવો તો આનંદ થાય
નાવો તો પત જાય રે;
ગરવા વાળા નાથ વેલા !
આરે અવસર આવજો !

અનહદ વાજાં વાગિયાં સ્વામી !
જોઉં તમારી વાટ રે;
હું સુવાગણ સુંદરી
મારે તમારો વિશ્વાસ રે. - આવો તો૦

કાયામાં કાળીંગો[૧] વ્યાપ્યો
થોડે થોડે ખાય રે;
ભવસાગરમાં બેડી બૂડતાં
બાવે પકડેલ બાંય રે. - આવો તો૦

સામસામાં[૨] નિશાન ધુરે ધણી !
ધારે પડધાયે જાગ રે,
ખડગ ખાંડું હાથ લીધું
ભાગ્યો કાળીંગો જાય રે. - આવો તો૦

વેલનાથ તમારા હાથમાં
બાજીગરના ખેલ રે;
વેલા ચરણે બોલ્યા રામૈયો
ફેર મનખ્યો[૩] લાવ્ય રે. - આવો તો૦

# ગરનારી ! ગરવો શણગાર રે

ગરનારી ! ગરવો શણગાર રે
જૂના જોગી ગરવો શણગાર રે
જૂનાણું જોવાની મારી હામ છે.

મરધી-કંડ કાંઠે ઊભી જોગણી રે
બાપુડા ! મરધી-કંડ કાંઠે ઊભી જોગણી રે
જોગણી કરે લલકાર રે. -- જૂનાણું૦

ચડવા ઘોડો પીરને હંસલો
બાળુડા ! ચડવા ઘોડો પીરને હંસલો
ચળકે તીર ને કમાન રે. -- જૂનાણું૦

વેલાનો ચેલો રામ બોલિયા રે
બાળુડા ! વેલાનો ચેલો રામ બોલિયા રે
આવ્યા શરણે ઉગાર રે. -- જૂનાણું૦

# ગરનારીના ઉતારા રે

ગરનારીના ઉતારા રે
ભાઈ ! વેલાના ઉતારા રે
સમદર બેટમાં રે જી !

ટાઢા એવા ટુકડા રે બાલુડાને જમવા રે જી,
જોજે એની જમ્યા તણી ચતુરાઈ. -- ગરનારીના૦

ફાટલ એવાં વસ્તર રે બાળુડાને પેરવાં રે જી,
જોજો એની પેર્યાં તણી ચતુરાઈ. -- ગરનારીના૦

સૂળીને તો માથે રે બાલુડાના સાથરા રે જી,
જોજો એની પોઢ્યા તણી ચતુરાઈ. -- ગરનારીના૦

વેલાને તો ચરણે રે રામો બાવો બોલિયા રે જી,
દેજો ! દેજો ! પીરુંના ચરણંમાં વાસ. -- ગરનારીના૦

# ધીરો.

# મરણ દુ:ખ અતિ કારમું રે

મરણ દુ:ખ અતિ કારમું રે,
મરણ મોટેરો માર ,
કંઇક રાજા ને કંઇક રાજિયા
છોડી ચાલ્યા દરબાર
તે હરિનો રસ પીજિયે.
સંસાર ધૂવાડાના બાચકાને
સાથે આવે નહીં કોઇ,
રંગ પતંગનો ઊડી જાશે ને
રે'શે જોનારા રોઇ.... તે હરિનો .....
કોના છોરૂ ને કોના વાછરૂ,
કોના મા ને બાપ
એમાંથી કોઇ નહીં ઉગરે
જાશે બુઢ્ઢાને બાળ... તે હરિનો....
માળી વીણે રૂડા ફૂલડાને
કળિયું કરે રે પોકાર,
આજનો દા'ડો રળિયામણો
કાલે આપણ શીર ભાર... તે હરિનો....
મરનારાને તમે શું રે રૂઓ,
નથી રોનારો રહેનાર
જન્મ્યા એટલાં જીવે નહીં ને,
જાશે એની જણનાર... તે હરિનો....
ધીરો રમે રંગ મહેલમાં,
રમે દિવસ ને રાત,
અંતે જાવુ જીવને એકલું,
સાથે પુણ્ય ને પાપ...તે હરિનો રસ પીજિયે.

# હેતે હરિરસ પીજીએ....

કઠણ ચોટ છે કાળની રે, મરણ મોટેરો માર;
કંઇક રાજા ને કંઇક રાજિયા, હાં રે મેલી ચાલ્યા સઁસાર.
હેતે હરિરસ પીજીએ....
સંસાર ધુમાડાના બાચકા રે, સાથે આવે ન કોઇ;
રંગ પતંગ નો ઉડી જશે, હાં રે જેમ આકડાનુ નૂર
હેતે હરિરસ પીજીએ....
કેના છોરુ ને કેના વાછરું કેના માય ને બાપ?
અઁતકાળે જાવુ એકલુ , હાઁ રે સાથે પુણ્ય ને પાપ્.
હેતે હરિરસ પીજીએ....
માળી વિણે રુડાં ફુલડાં રે કળીઓ કરે છે વિચાર;
આજનો દિવસ રળિયામણો હાં રે કાલ આપણ શિરઘાત.
હેતે હરિરસ પીજીએ....
થયા તે ત સર્વે જશે રે, નથી કાયા રહેનાર;
મરનારને તમે શું રે રુઓ? હાં રે રોનાર નથી રહેનાર.
હેતે હરિરસ પીજીએ....
દાસ 'ધીરો' રમે રંગમાં રે રમે દિવસ ને રાત;
હું અને મારું મિથ્યા કરો , હાં રે રમો પ્રભુ સંગાથ.
હેતે હરિરસ પીજીએ....

# ભાણસાહેબ

# એક નિરંજન નામની સાથે મન બાંધ્યો રે મારો

એક નિરંજન નામ સાથે, મન બાંધ્યો હે મારો રે,
ગુરુ પ્રતાપ સાધુકી સંગત, આયો ભવનો આરો રે...
એક નિરંજન...

કૂડ કપટમાં કાંઈ નવ રાચ્યો, સતનો મારગ સાયો રે ;
ગુરુ વચનમાં જ્ઞાન કથીને, નિત ગંગામાં નાયો રે...
એક નિરંજન...

ઘટ પરકાશ્યા, ગુરુગમ લાધી, આવ્યો ચોરાશીનો છેડો રે ;
ભ્રાંતિ ભ્રમણા ભવની ભાંગી, શિવે જીવ સમાણો રે...
એક નિરંજન...

જળ ઝાંઝવામાં કોઈ ન ભૂલો, જૂઠો જગત સંસારો રે ;
ભાણ કહે ભગવતને ભજીયેં, જેનો સકલ ભુવન પસારો રે...
એક નિરંજન...

# તમે કુડ કાયાના કાઢો વીરા આયો અસાઢો

તમે કૂડ કાયાના કાઢો રે, તમે વિખિયાના રૂખડાં વાઢો રે
હે વીરા ! આવ્યો આષાઢો...

અવસર વારો તો કાંઈ નવ હારો, તમે કાલર ખેતર મત ખેડો રે ;
પાતર જોઈને જાતર કીજે, તમે વિખીયાના ફળ મત વેડો રે...
હે વીરા ! આવ્યો આષાઢો...

ખોટે મને જેણે ખેડયું રે કીધી, ઈ ખરા બપોરે નાસે રે ;
આઘાં જઈને પાછાં ફરશે, એના કણ કવાયે જાશે રે...
હે વીરા ! આવ્યો આષાઢો...

વિગત નવ જાણે ને બીજ લઇ વાવે, કાઢી કઢારો ચાવે રે ;
ધાઈ ધૂતીને કૈંક નર વાવે, એની આગમ ખાધુંમાં જાવે રે...
હે વીરા ! આવ્યો આષાઢો...

વાવ્યા તણ્યો જે નર વિચાર જાણે, તો મૂઠી મેલે ખરે ટાણે રે ;
ભાણ ભણે નર નીપજ્યા ભલા, ઈ તો મૂંડા ભરે લઇ માણે રે...
હે વીરા ! આવ્યો આષાઢો...

# મન તુ રામ ભજી લે રાણા તારે ગુણ ગોવીંદ ના ગાણાં

મન ! તું રામ ભજી લે – ને રાણા,
તારે ગુણ ગોવિંદનાં ગાણાં...
ખોટી માયાની ખબર પડી નહીં, કળ વિનાના કુટાણા ;
જૂઠી માયાસે ઝઘડો માંડયો, બળ કરીને બંધાણા...
કૂડિયા તારે કામ નહીં આવે, ભેળા ન આવશે નાણાં ;
હરામની માયા હાલી જાશે, રહેશે દામ દટાણાં...
કૂણપ વિના નર કૂણા દીસે, ભીતર નહીં ભેદાણા ;
હરિ વિનાના હળવા હીંડે, નર ફરે નિમાણા...
સો સો વરસ રહે સિંધુમાં, ભીતર નહીં ભીંજાણા ;
જળનું તો કાંઈ જોર ન ચાલે, પલળે નહીં ઈ પાણા...
પળી ફરી પણ વરતિ ન ફરી, બોલ નહીં બદલાણા ;
છબી ફરી પણ ચાલ ફરી નહી, ભ્રાંતિ ગઈ નહીં ભાણા...

# સત ગુરુ સાહેબ સહી કર્યા જેને પ્રેમ જ્યોતી પ્રકાશી રે

સદ્દગુરુ સાહેબ સઈ કર્યા જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે,
અખંડ જાપ આયો આતમ રો , કટી કાલકી ફાંસી ..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0
ગગન ગરજીયા શ્રવણે સુણીયા મેઘ જ બારે માસી રે,
ચમક દામની ચમકન લાગી દેખ્યા એક ઉદાસી..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0
ગેબ તણા ઘડીયારા વાગે દ્વૈત ગયા દળ નાસી રે,
ઝીલપણામાં ઝાલર વાગી ઉદય ભયા અવીનાશી..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0
મહી વલોયા માખન પાયા ધૂત તણી ગમ આસી રે,
ચાર સખી મીલ ભયા વલોણા અમર લોકકા વાસી..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0
સપ્ત દીપ ને સાયર નાહીં , નહીં ધરણી આકાશી રે ,
એક નિરંતર આતમ બોલે , સો વિધ વીરલા પાસી..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0
ગેબ નિરંતર ગુરુ મુખ બોલ્યા , દેખ્યા શ્યામ સુવાસી રે,
સ્વપ્ને ગયા ને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી ..
મેરે સતગુરુ , પ્રેમ જ્યોતિ પરકાશી રે....0

# સતગુરુ સાહેબ સોઇ મળ્યા જેને અમ્મર નામ ઓળખાયો

સદ્દગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે…

ગુરુ પ્રતાપ સાધુકી સંગત, ભગતિ પદારથ પાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે…૦

કથતાં બકતાં ભયો કિનારો, ઉનમુનિ કે ઘર આયો રે,
નગર લોક સબ નિક ચલાયા, જીત નિશાન ધૂરાયો..

મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે…૦
ચાર મળી ચૈતન ઘર આયો, પકડ પાંચ બુલાયો રે,

શબ્દ એક ટંકશાળ પડે ત્યાં, નિરભે નામ સુણાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે…૦

ઈસ ઉદબુદા ધૂમ મચાયો, માંહી શમી હે માયો રે,
નદી નાવ સબ નીક ચલી હે, સાયર નીર સમાયો..

મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે…૦
અક્ષર એક સે જુગ ઉપાયા, સોહં નામ સવાયો રે,

અકળ પુરુષ અવતાર ધરે ત્યાં, ભાણે ભેદ જ પાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે…૦

# સોઈ સાધુ સુરમા

સોઈ સાધુ સુરમા, જે દિલડાની દુબધા ટાળે,
અહરનિશ રહે ધૂન લાગી, સત શબ્દ સંભાળે.. સોઈ૦

પ્રેમ સરોવર પેઠકે આગલ ઘર બુઝે,
ક્ષમા ખલકો પહેરકે સરવે વિધ સૂઝે.. સોઈ૦

સુરત નાળ સંબંધ હે ત્રિવેણીએ તાપે,
અનહદ વાજાં વાગિયાં, ગુરુના નામ પ્રતાપે.. સોઈ૦

પલક તણાં સુખ પરહરો, તો સદા સુખ માણો,
તાણો વાણો એક છે, જુજવા મત જાણો.. સોઈ૦

દલ દરિયામાં પેખતાં, સબ દરિયા દેખ્યા,
ભાણ કહે સદ્‌ગુરુ ભેટિયા, સંપૂરણ પેખ્યા.. સોઈ૦

# હંસો હાલવાને લાગ્યો

હંસો હાલવાને લાગ્યો, કાયાનો ગઢ ભાંગ્યો;
તમે પોરા પ્રમાણે જાગો,હ^સો હાલવાને લાગ્યો. ટેક.

નિત નિત નિંદ્રા મત કરો નયણે, સૂતાને સાહેબ આઘો;
સુમિરણ કરી લો સાચા ધણીનું, તમે મોજ મુક્તાફળ માંગો. -હંસો૦

જાગ્યા સોઈ નર સંસારમાં સીધ્યા, જેણે ઉજેડ મેલ્યો આઘો;
મારગ ધાયા તે બહોત સુખ પાયા, તેનો જરા મરણ બે બાંગ્યો. -હંસો૦

જરા પહોંચી ત્યારે જમડા આવ્યા, દેહડી તણો દલ ભાગ્યો;
કૂડીએ આવી કાયાનો ગઢ ઘેર્યો, ત્યારે અંધો અરજવાને લાગ્યો. -હંસો૦

કૂડી છે કાયા અને કૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો;
સાચો નામ સાહેબકો જાણો, ભલે લુહાણો ભાણો. -હંસો૦

# અનામી

# અંતિમ પ્રાર્થના

આટલું તો આપજે ભગવાન, મને છેલ્લી ઘડી
ના રહે માયા તણા, બંધન મને છેલ્લી ઘડી.... ટેક

આ જીંદગી મોંઘી મલી પણ જીવનમાં જાગ્યો નહિ;
અંતસમય મને રહે, સાચી સમજ છેલ્લી ઘડી. ૧

જ્યારે મરણ શય્યા પરે, મીંચાય છેલ્લી આંખડી;
તું આપજે ત્યારે પ્રભુમય, મન મને છેલ્લી ઘડી. ૨

હાથપગ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
ઓ દયાળુ આપજે, દર્શન મને છેલ્લી ઘડી. ૩

હું જીવન ભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં
તું આપજે શાંતિ ભરી, નિદ્રા મને છેલ્લી ઘડી. ૪

અણિત અધર્મો મેં કર્યા, તન મન વચન યોગે કરી
હે ક્ષમા સાગર ! ક્ષમા, મને આપજે છેલ્લી ઘડી. ૫

# મા-બાપને ભુલશો નહિ

ભુલો ભલે બીજુ બધુ મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.
પથ્થર પૂજ્યાં પૃથ્વિ તણા, ત્યારે દીઠું તમ મુખડું.
એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છુંદશો નહિ,
કાઢી મુખેથી કોળીયાં,મ્હોમાં દઇ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે,ઝેર કદી ઉગળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, મા-બાપ જેનાથી ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.
સંતાનની સેવા ચાહે, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો,એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઇ પોતે અને સુકે સુવાડ્યા આપને,
એ અમિમય આંખને, ભુલીને ભિંજવશો નહિ.
પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ,
એના પુનિત ચરણો તણી, ચાહના કદી ભૂલશો નહિ.

# સંતને સંતપણા રે મનવા નથી મફતમાં મળતા

સંતને સંતપણા રે મનવા નથી મફતમાં મળતા,
નથી મફતમાં મળતા રે એના મૂલ ચૂકવવા પડતાં.
સંતને સંતપણા રે...

ભરી બજારે કોઈ વેચાણા. કોઈ તેલ કડામાં બળતા (૨)
કાયા કાપી કાંટે તોળી કોઈ હેમાળો ગળતા.
સંતને સંતપણા રે...

કરવત મેલી માથા વેર્યાને કાળજા કાપીને ધરતા (૨)
ઝેર પીધાં ને જેલું ભોગવી સાધુડા સુળીએ ચડતા.
સંતને સંતપણા રે...

પ્યારા પુત્રનું મસ્તક ખાંડીને ભોગ સાધુને ધરતા (૨)
ઘરની નારી દાનમાં દેતાં, જેના દિલ જરી નવ ડરતા.
સંતને સંતપણા રે...

પર દુઃખેરે જેનો આતમ દુઃખીયો રુદિયો જેના રડતાં (૨)
માન મોહને મમતા ત્યાગી જઈને બ્રહ્મમાં ભળતા.
સંતને સંતપણા રે...

ગુરુ પ્રતાપે ભણે પુરુષોતમ જેના ચોપડે નામ ચડતા (૨)
એવા સંતને ભજતા જીવડાં ભવના બંધન ટળતા.

સંતને સંતપણા રે... .

# સ્વામી વિવેકાનંદ

# જ્યારે મેં પ્રભુ પાસે માંગ્યું

જ્યારે મેં પ્રભુ પાસે શક્તિ માંગી
તેણે મને સામનો કરવા મુશ્કેલીઓ આપી

જ્યારે મેં પ્રભુ પાસે ચતુરાઈ અને બુધ્ધિ માંગી
તેણે મને જીવનના અજીબોગરીબ કોયડા ઉકેલવા આપ્યા

જ્યારે મેં પ્રભુ પાસે ખુશીઓ માંગી
તેણે મને અન્ય દુઃખી લોકો બતાવ્યા

પ્રભુ પાસે જ્યારે મેં અઢળક સંપત્તિ માંગી
તેણે મને સખત મહેનત કરવાના રસ્તા બતાવ્યા

પ્રભુ પાસે જ્યારે મેં આશિર્વાદ માંગ્યા
તેણે મને મહેનત કરી તકો મેળવતા શીખવ્યું

પ્રભુ પાસે મેં મનની શાંતિ માંગી
તેણે મને મુસીબતમાં આવેલાની મદદ કરતા શીખવ્યું.

પ્રભુ એ મને જે જોઈતું હતું એ કાંઈ ન આપ્યું
તેણે મને એ બધુંય આપ્યું જેની મને જરૂર હતી.

# બુલાખીરામ

## વિનાશકાળે વિપરીત બુદ્ધિ

સીતા સમાણી સતી કોણ શાણી
પતિ-પ્રતિજ્ઞાય સદા પ્રમાણી
કુરંગ હણવા મતિ ભ્રષ્ટ કીધી
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

કેવા હતા કૌરવ કાળજ્ઞાની
કુસંપમાં પાછી કરી ન પાની
કપાઈ મૂઆ દ્વેષ સહિત ક્રોધી
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

નિપુણતા ન્યાય વિષે ધરાવી
નળે સુકીર્તિ જગતમાં જમાવી
ગુમાવી ગાદી દ્યૂતને વળુંધી
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

યદુપુરી યાદવ યાદ આણો
સુરા વિષે જીવ ભલો ભરાણો
મૂઆ મૂકી સર્વ શરીર શુદ્ધિ
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

રૂડો હતો રાવણ શાસ્ત્રવેત્તા
નવે ગ્રહો નિકટમાં રહેતા
હરી સીતા કષ્ટ લહ્યું કુબુદ્ધિ
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

# ધનો

# રામબાણ વાગ્યાં હોય તે જાણે !

રામબાણ વાગ્યાં હોય તે જાણે !
પ્રભુના બાણ વાગ્યાં હોય તે જાણે;
ઓલ્યા મૂરખ મનમાં શું આણે ?
રામબાણ વાગ્યાં હોય તે જાણે !

ધ્રુવને લાગ્યાં, પ્રહ્લાદને લાગ્યાં,
તે ઠરીને બેઠા રે ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં,
એ તો વેદ-વચન પરમાણે. – રામબાણ ૦

મોરધ્વજ રાજાનું મન હરી લેવા
હરિ આવ્યા જે ટાણે;
લઈ કરવત મસ્તક પર મેલ્યું,
પત્ની –પુત્ર બેઉ તાણે. – રામબાણ ૦

મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને,
રાણોજી ખડ્ગ જ તાણે;
વિશના પ્યાલા ગિરધરલાલે આરોગ્યા
એ તો અમૃતને ઠેકાણે. – રામબાણ ૦

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી,
ખેપ કરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા,
એવું ધનો ભગત ઉર આણે. – રામબાણ ૦

# લીરબાઈ

# આ જુગ જાગો હો જી

આ જુગ જાગો હો જી,
મોટા મુનીવર ને સાધુ તેડાવો,
બેની મારા ભાયલા હો જી.

ઘરનો ઉંબરો ઓળાંડી ન શકો તો,
તમે પારકે મંદિરીયે શીદને મા'લો.

ઘરનો દીવડિયો તમે વાસી ન શકો તો,
પારકે મંદિરીયે જયોતું શીદને પરકાશો.

નદી ને નાળા જો તાગી ન શકો તો,
તમે સમદર કાયકુ હિલોળો.

વીંછીની વેદના ખમી ન શકો તો,
તમે વસીયલને શીદને જગાડો.

લીરબાઈ કે'છે ઈ તો સતની કમાયું,
કરીને ઉતરજો ભવપાર હો જી.

# કાયા કેરી કોટડી એમાં મન વણઝારો

કાયા કેરી કોટડી એમાં મન વણઝારો,
શબદની ગુંજયું કરી લેજો,
શબદ્દના લાલ સોદાગર વીરા મારા,
હીરા દેખી વણજુ કરી લેજો.

તન કેરા ત્રાજવા મન કેરા તોલાં,
હિરલા પદારથ તોળી લોજો,
ધારણે બેઠો મારો વીરો વણઝારો,
નમતેરી ધારણા લેજો.

મેલા મનને કુલ ફટકતા રે'વે,
ઉન ભાયલાથી ન્યારા રે'જો,
આપ ડુબે ઓરનકુ ડુબાવે,
એને ટાળા દઈને તરજો.

આપકુ તારે ઓરનકુ તારે,
એને દલડાની ગુંજયું કે'જો,
ગુઢા ગરવા સાયરા સરખા,
સો ભાયલા ભેળા રે'જો.

માજમ રાત્યની હુઈ મશાલું,
ધ્યાન ધણીનું ધરજો,
દોય કર જોડી લીરબાઈ બોલ્યા,
સહેજે સહેજે તમે તરજો.

# ઘટમાં ચાંદો ને ઘટડામાં સૂરજ

કાચી રામ કોણે ઘડી તારી કાયા,
ઘટમાં ચાંદો ને ઘટડામાં સૂરજ, ઘટડામાં નવલખ તારા.

ઘટડામાં એરણ ઘટડામાં ધમણ ઘટડામાં ઘાટ ઘડાયો,
ઘટડામાં આંબોને ઘટડામાં કેરી ઘટડામાં વેદ ન વારો. ... કાચી.

ઘટડામાં વાડી ને ઘટડામાં ક્યારો, ઘટડામાં પવન ને પાણી,
ઘટડામાં તાળુ ને ઘટડામાં કુંચી, ઘટડામાં ખોલવાવાળો ... કાચી.

ઘટડામાં ગંગા ને ઘટડામાં જમુના, ઘટડામાં તીરથ નાયા,
ગુરૂને વચને બોલ્યા લીલમબાઈ, સાચા શબ્દ લાગ્યા પ્યારા... કાચી.

# જી રે વીરા ઘાટ રે લુહારી તમે હરિજન ઘડજો

## જી રે વીરા ઘાટ રે લુહારી તમે હરિજન ઘડજો,

જેને વિશ્વબંધુએ વખાણે હા.

જી રે વીરા... કુબુધ્ધિરૂપી કોયલા કરોડો આ કાયામાં,
એને તમે બ્રહ્માગ્નિથી પરજાળો રે હા.

જી રે વીરા... ધુમાડો ધુંધવે ત્યાં લગી ધારણા રાખો,
પછી એને બાંધી કઠણ તાએ તાવો.

જી રે વીરા... બંકનાળેથી ધમણ ધમાવો,
ઉલટા પવન સુલટ ચલાવો હા.

જી રે વીરા... આવા આવા ઘાટ તમે સંસારમાં ઘડજો,
તો તમે ખોટ જરિયે ન ખાશો હા.

ગુરૂના પરતાપે સતી લીરબાઈ બોલિયાં,
ત્યારે તમે સાચા કસબી ગણાશો.

# નમીયા સો સાહેબકું ગમીયા

નમીયા સો સાહેબકું ગમીયા, જ્ઞાન ગરીબી અધિકારી,
નમે સોહી નર ભારી રે જી.

નારદ નમીયા આવી ગરીબી, મટી ગઈ મનની ચોરી રે જી;
ગુરૂ કરીને એવાં લક્ષ લીધાં, તત્ક્ષણ ચોરાશી છોડી રે. નમે...

પ્રહલાદ નમીયા પ્રેમરસ પીધો, તાતે થંભ બથ ડારી રે જી;
થંભ ફાડ નૃસિંહ રૂપ ધરીયું, હિરણ્યકશિપુ લીધો મારી રે. નમે.

ભક્ત વિભિષણ રામને નમીયા, આપી લંકાની સરદારી રે જી;
પલ એકમાં નિર્બળ કરી નાંખ્યા, ભીલડીને ઓદ્ધારી રે નમે.

રામજીના સામો રાવણ ભીડીયો આંખે આવીતી અંધારી રે જી;
ગુરૂ પ્રતાપે લીલણદેબાઈ હું, નામ ઉપર જાઉં વારી રે. નમે.

# રમતો જોગી રે કયાંથી આવ્યો

રમતો જોગી રે કયાંથી આવ્યો,
આવી મારી નગરીમાં અલખ જગાયો રે,
વેરાગણ હું તો બની.

કાચી કેરી રે આંબા ડાળે,
એની રક્ષા કરે કોયલરાણી રે.

કોરી ગાગર રે ઠંડા પાણી,
એવાં પાણીડાં ભરે નંદ કેરી નારી રે.

કાન મેં કુંડળ રે જટાધારી,
એને નમણું કરે નર ને નારી રે.

બોલ્યાં બોલ્યાં રે લીરબાઈ,
મારા સાધુડાં અમરાપર મ્હાલે રે.

# હા રે ગુરૂજી આજ મારે આંગણે

હા રે ગુરૂજી આજ મારે આંગણે,
મોટા મુનીવર મળ્યા હો જી.

બીજ થાવર રેન રૂડી,
જામાની જુગત જડી,
આજે વરતાણી મારે આનંદની ઘડી હો જી.

આવતાને આદર દીજે,
પગ ધોઈ પાહોળ લીજે,
એવી રે કમાણીમાં મારો સાયબોજી રીઝે હો જી.

પાટ માંડી કળશ થાપિયા,
જાગી જયોત જુગત જાણી,
કોળીને પાહોળ આપણી ગત્યમાં વરતાણી હો જી.

મોતીડાના ચોક પુરી બેઠા છે ધણીના નુરી,
કરી લ્યો ને કમાયું વેળા જાય છે રે વઈ હો જી.

સાધુ આગળ હાથ જોડી, આવી દ્વાર ખડી,
બોલિયા લીરબાઈ અમને વસ્તુ અમર રે જડી હો જી.

# હા રે ગુરૂજી સતની વેલડીએ

હા રે ગુરૂજી સતની વેલડીએ,
એવા રૂડાં દત્તફળ લાગ્યા રે.

બીજ વેરતી બીજક જાણી વાવી છે વિશ્વાસ આણી,
કરણીના કયારા બાંધ્યા ને,
પ્રેમના સિંચ્યા છે પાણી જી.

ઊગી છે અમરવેલી એણે,
પાડુ તો પિયાળે મેલી,
ફાલીને ફુલી છે નિજિયા ધરમની વેલી જી.

ભાયલાના ભાગ્ય જાગ્યા,
વેલડીએ દત્તફળ લાગ્યા,
મુમના માલે અમરાપરમાં મોંઘા જી.

વાત તો પ્રહલાદે જાણી,
રાજા હરિશ્ચંદ્ર તારાદે રાણી,
પાંચ પાંડવ દ્રૌપદી રાજા બલિને ઓળખાણી જી.

ભાયલાસુ ભાવ રાખી,
ડાળ્યું મેલી ફળ ચાખો,
સતગુરૂ પરતાપે બોલિયા લીરબાઈ,
ચિત્ત હરીચરણે રાખો જી.

# રણછોડ

# દિલમાં દીવો કરો

દિલમાં દીવો કરો રે, દીવો કરો.
કૂડા કામ ક્રોધને પરહરો રે, દિલમાં દીવો કરો રે. – દિલમાં૦.

દયા-દિવેલ, પ્રેમ-પરણાયું લાવો, માંહી સુરતાની દિવેટ બનાવો ;
મહીં બ્રહ્મ અગ્નિ ચેતાવો રે, દિલમાં દીવો કરો રે. – દિલમાં૦.

સાચા દિલનો દીવો જ્યારે થાશે, ત્યારે અંધારું સૌ મટી જાશે ;
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે, દિલમાં દીવો કરો રે. – દિલમાં૦.

દીવો અભણે પ્રગટે એવો, તન ના ટાળે તિમિરનાં જેવો ;
એને નયણે તો નરખીને લેવો રે, દિલમાં દીવો કરો રે. – દિલમાં૦.

દાસ રણછોડે ઘર સંભાળ્યું, જડી કૂંચી ને ઊઘડ્યું તાળું ;
થયું ભોમંડળમાં અજવાળું રે, દિલમાં દીવો કરો રે. – દિલમાં૦.

# અખો

# શાં શાં રૂપ વખાણું, સંતો રે...

શાં શાં રૂપ વખાણું,, સંતો રે શાં શાં રૂપ વખાણું?
ચાંદાને સૂરજ વિના, મારે વાયું છે વહાણું . --સંતો.

નેજા રોપ્યા નિકજ ધામમાં વાજાં અનહદ વાજે;
ત્યાંહરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે.--સંતો.

નૂરતસૂરતની શેરીએ, અનભે ઘર જોયું,
ઝલમલ જ્યોતે અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું. --સંતો.

વિના રે વાદળ,વિના વીજળી, જળસાગર ભરિયું.
ત્યાં હંસરાજા ક્રીડા કરે, ચા^ચે મોતીડું ધરિયું. --સંતો.

માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે;
તેને તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે. --સંતો.

ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમં ધૂન લાગી;
**અખો** આનન્દશું ત્યાં મળ્યો, ભવ ભ્રમણા ભાંગી. --સંતો.

# રાણી રૂપાંદે

# જ્યાંરે મનમેં વિરહ નહીં....

જી રે વીરાં! જ્યાંરે મનમેં વિરહ નહીં,
હો જી, જ્યાંરો ધૂડ સો જીણો
જ્યાં રે મનમેં વિરહ નહીં હો જી.

જી રે વીરાં, ઉપર ભેખ સુહામણો,
હો જી, ગેરુ સું રંગ લીનો,
આપ અગન મેં જલિયો નહીં,
હો જી, હોય રયો મતિ હીણો...

જી રે વીરાં, વિરહ સહિત સાધુ હોયા
હો જી, જિકા સિર ધર દીનો
મરણે સું ડરિયા નહીં
હો જી, મગ મેં મારગ કીનો.

જી રે વીરાં, વિરહ હોય ભારત લડ્યા
હો જી, પાછા પગ નહીં દીના
મતવાલા, ઝૂમે મદ ભરિયા
હો જી, રંગ ભર પ્યાલા પીણા...

જી રે વીરાં, ગુરુ ઊગમસી સાધુ મિલ્યા
હો જી, જીકા મન કીઆ સીણા
બાઈ રૂપાંરી વિનતી
હો જી, પરગટ નિજ પદ ચીણા...

# ભાલણ

# નાવિક અને રામ

નાવિક વળતો બોલિયો, સાંભળો માહરા સ્વામ;
સાથ સહુ કો નાવે બેસો, નહિં બેસાડું રામ.

વાર્તા મેં સાંભળી છે, ચરણ રેણુની અપાર;
અહલ્યા ત્યાં સ્ત્રી થઇ સહી, પાષાણ ફીટી નાર.

આજીવિકા માહરી એહ છે, જુઓ મન વિવેક;
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ટ પાષાણ એક.

આજીવિકા ભાંગે માહરી, આગે એક સ્ત્રી છે ઘેર;
બે મળીને શું જમે? શી કરું ત્યાં પેર?

હસી વિશ્વામિત્ર બોલીયા, ચરણ–રેણે સ્ત્રી થાય ;
તે માટે ગંગાજળ લેઇને, પખાળો હરિ –પાય.

હસીને હરિ હેઠા બેઠા, રામ અશરણ-શર્ણ;
નાવિકે ગંગાજળ લેઇને, પખાળ્યા ત્યાં ચર્ણ.

# મીઠડા માવજી રે!

મીઠડા માવજી રે! મારે મંદિર આવો,
પ્રેમે પીરસું પરમાનંદ! તે ક્રૂર ને દૂધ શિરાવો.

મથુરા રિદ્ધિ પામ્યાં ઘણી, વાધ્યું છે અતિ તેજ રે;
સહી જાણજો મારા સરખું, કો નહીં આણે હેજ રે.

ધવરાવી હૈડે ચાંપતી, તેમ દેવકી નહીં ચાંપે રે;
રોમાંચિત મારી દેહડી થાતી, તેમ તેનીનહેં કાંપે રે.

માતા નહીં થાઉં તમારી, ધાવ કહી મને જાણો રે;
મેં બાંધેલો માખણ માટે, તેથી રોષ ભરાણો રે?

કાલિંદીમાં તમ ઉપર, જે હું નવ ઝંપલાવી રે ;
જાણું છુ તે વાત સંભારી, રીસ તારે મન આવી રે.

તેં દીધો તેમ કો દે , પ્રીત કરીને છેહ રે;
ભાલણ રઘુનાથ ! સંભારો એક ઘડી તો નેહ રે.

# મેકણ

# પૂરાં પરમાણ

વરસે ધરતી, ભીંજે આસમાન,
સવળી વાણીનાં પૂરાં પરમાણ !
બારે બારે બછડા,
સોળે સોળે ગાય,
દોહી દોહી ગોરખા,
રેણી ઘોર વિતાય. -
નવી નવી હાટડી,
જૂનાં જૂનાં નાણાં;
પારખું પરખી લો,
સાચાં ખોટાં નાણાં. -
મારો મારો નીંદરા,
જાગાડી લ્યો ભમરા;
અમીરસ પીવે તારું
જખ મારે જમરા -
ગુરૂ મુખા વચના,
ગગન ઘર રહેણા;
બોલ્યા સિધ્ધ મેકા,
પ્રેમ ધરી પૂરણા. -

# સાયર હુંદા સૂર

સાયર હુંદા સૂર !
એ જી વાલીડાનાં નેણુંમાં વરસે ઝીણા નૂર !
સાયર હુંદા સૂર !
આવો આવો આપણ મળીએ રે,
કાઢીએ દલડાના કૂડ;
હળીમળીને સાથે રે રિયેં રે,
તો વાલો વરસે ભરપૂર -
ખોટા બોલાનો સંગ નવ કરીએ ને,
ઈ તો આદિ અનાદિના કાઢે કૂડ;
એવાંની સંગત કે'દી નવ કરિયેં રે,
જેની આંખુંમાં બેઠાં રે ધૂડ -
હરિજન હોય તેને ઝાઝેરી ખમ્મા
જેના હરદામાં હેત ભરપૂર;
એની તો સંગતું દોડી દોડી કરીયેંને,
જમડાને ઈ તો રાખે દૂર -
કાયા માયાનો તમે ગરવ ન કરજો,
ઈ તો છે પેટમૂઠા શૂળ;
મેકણ કાપડી એણી વિધે બોલિયા રે,
જાવું છે પાણીહુંદા પૂર -

# ભોજો

# સંતો ભાઇ ભુવન જીત્યા ભવ સારા

સંતો ભાઇ ભુવન જીત્યા ભવ સારા. ટેક૦.

અનંત લોચન અંતર ઊઘડિયાં; નીરખ્યા નાટ નિરાળા. સંતો૦

મનમંદિર દીપક દરશાના, ઊઘડી ગયાં તનતાળાં;
રંગ લાગ્યો ને રવિ પ્રગટિયો, અનેક દિશે અજવાળાં. સંતો૦

કરણ વર્ણ જેણે મરણ મિટાયા, ચરણ ગ્રહ્યાં છોગાળા;
છૂટી ગયાં ચેન ઘેન, ઘનઘોરા, ભાસ્યા બ્રહ્મ રસાળા. સંતો૦

ગગન ગાજે ત્યાં અનહદ વાજે, સદ્ગુરુકી સાન શિખાયા;
**ભોજો ભગત** કહે પ્રેમ પિયાલો, પીતાં નયને નીર ઝલકાયા. સંતો૦

# હરિજન હોય તેણે...

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,
નિજ નામ ગ્રાહી નિર્માત રહેવું;
ત્રિવિધના તાપ તે જાપ જરણા કરી,
પરહરિ પાપ રામનામ લેવું.

સૌને સરસ કહેવું, પોતાને નરસ થવું,
આપ આધિન થઈ દાન દેવું. મન કરમ વચને કરી નિજ
ધર્મ આદરી,
દાતા ભોક્તા હરિ એમ રહેવું.

અડગ નવ ડોલવું, અધિક નવ બોલવું,
ખોલવી ગૂજ તે પાત્ર ખોળી;
દીન વચન દાખવું, ગંભીર મતું રાખવું,
વિવેકીને વાત નવ કરવી પહોળી.

અનંત નામ ઉચ્ચારવું, તરવું ને તારવું,
રાખવી ભક્તિ તે રાંક દાવે,
ભક્ત ભોજો કહે ગુરુપરતાપથી
ત્રિવિધના તાપ ત્યાં નિકટ ના’વે.

# હાલો ને કીડીબાઈની જાનમાં

કીડી બિચારી કીડલી ને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડા ને નોતર્યા...હે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં...

મોરલે બાંધ્યો રૂડો માંડવો રે, ખજુરો પિરસે ખારેક
ભુંડે રે ગાયાં રૂડાં ગીતડાં...હે પોપટ પિરસે પકવાન,
હાલો ને કીડીબાઇની જાનમાં...

મંકોડાને મોકલ્યો માળવે રે લેવા માંડવીયો ગોળ
મંકોડો કેડે થી પાતળો...હે ગોળ ઉપડ્યો ન જાય
હાલો ને કીડીબાઇની જાનમાં...

મીનીબાઇને મોકલ્યાં ગામમાં રે એવા નોતરવાં ગામ
હામા મળ્યા બે કૂતરા...હે બિલાડીના કરડ્યા બે કાન
હાલો ને કીડીબાઇની જાનમાં...

ઘોડે રે બાંધ્યા પગે ઘુઘરા રે, કાકીંડે બાંધી છે કટાર
ઉંટે રે બાંધ્યા ગળે ઢોલકા...હે ગધેડો ફુંકે હરણાઇ
હાલો ને કીડીબાઇની જાનમાં...

ઉંદરમામા હાલ્યા રે રીહામણે ને, બેઠા દરીયાને પેટ
દેડકો બેઠો ડગમગે...હે મને કપડાં પેહરાવ
જાવું છે કીડીબાઇની જાનમાં...

વાંસડે ચડ્યો એક વાંદરો રે, જુએ જાનની વાટ
આજતો જાનને લુટવી...હે લેવા સર્વેના પ્રાણ
હાલો ને કીડીબાઇની જાનમાં...

કઇ કીડીની કોની જાન છે રે, સંતો કરજો વિચાર
ભોજા ભગતની વિનતી...હે સમજો ચતુર સુજાણ
હાલો ને કીડીબાઇની જાનમાં...

કીડી બિચારી કીડલી ને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડા ને નોતર્યા...હે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં...

# ગંગાસતી

# મેદાનમાં જેણે મોરચો માંડ્યો

મેદાનમાં જેણે મોરચો માંડ્યો ને
પકડ્યો વચનનો વિશ્વાસ રે,
ચૌદ લોકમાં કોઈથી બીએ નહીં
થઈ બેઠાં સદગુરુના દાસ રે ... મેદાનમાં

સાન સદગુરુની જે નર સમજ્યો,
તે અટકે નહીં માયા માંહ્ય રે,
રંગરૂપમાં લપટાય નહીં
જેને મળી ગઈ વચનની છાંય રે ... મેદાનમાં

રહેણીકરણી એની અચળ કહીએ
એ તો ડગે નહીંય જરાય રે,
વચન સમજવામાં સદાય પરિપુર્ણ
તેને કાળ કદી નવ ખાય રે ... મેદાનમાં

સોઈ વચન સદગુરુજીના ઘરના,
ગમ વિના ગોથાં ખાય રે,
ગંગાસતી એમ બોલિયાં રે પાનબાઈ,
વચન ન સમજ્યા નરકે જાય રે ... મેદાનમાં

# શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન, હરણ ભવ ભય દારુણમ્
નવ કંજ લોચન, કંજમુખ, કરકંજ પદકંજારુણમ્ ... □ટેક
કંદર્પ અગણિત અમિત છબિ, નવ નીલ નીરદ† સુંદરમ્
પટ પીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનક સુતા વરમ્ ... ૧
ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકન્દનમ્
રઘુનંદ આનંદકંદ કૌશલચંદ દશરથનંદનમ્ ... ૨
શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્
આજાનુ ભુજ શર ચાપધર સંગ્રામ જિત ખર દૂષણમ્ ... ૩
ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિમનરંજનમ્
મમ હૃદયકુંજ નિવાસ કુરુ કામાદિ ખલદલ ગંજનમ્ ... ૪

# દેવ ડુંગરપુરી

# દિલ દરિયા મેં ડુબકી દેના

દિલ દરિયા મેં ડુબકી દેના
મોતી રે લેણા ગોતી એ જી
ખારા સમદર મેં છીપ બસનિ,
ભાત ભાતરાં મોતી એ જી.

રણુંકાર મેં ઝણુંકાર,
ઝણુંકાર મેં જ્યોતિ એ જી
એ જ્યોતિ અભેપદ હોતી
વહાં હે એક મોતી રે

નવમી દ્વારા, દસમી ખડકી
ખડકીમેં એક ખડકી
એ ખડકી કોઈ સદગુરૂ ખોલે
કૂંચી ઉનરા ઘર કી

ડાબી ઈંગલા, જમણી પિંગલા,
નુરત સુરત કર જોતી
**ડુંગરપુરી** બોલિયા,
હું હરખે હાર પરોતી

# લઈ રે નામ

લઈ રે નામ, લઈ રે નામ, નામ સે તીરે
નામ ભૂલી આતમા ભમતી ફીરે જી

બાહરે ઉભો મૃગલો ખેતર મેં ચરે
ધની આવે ધોરે ઉભો ભજતો ફીરે જી
લઈ રે નામ...

આંધડે ને માલા દીની, ફેંકતો ફીરે
મૂરખ હાથ દે હીરો દીનો ધરતી ધરે
લઈ રે નામ...

નુગુરા ના નીમા દીનો, કેહતો ફીરે
પેહેરે કસ્તૂરી કપડાં, તેલ મેં તરે
લઈ રે નામ...

સાધુડા ના સંગ જાયે, સુધરો ફીરે
દેવ ડુંગર પુરી બોલ્યા, નામ સે તીરે
લઈ રે નામ...

# સદ્‌ગુરુ... તમે મારા તારણહાર

સદ્‌ગુરુ... તમે મારા તારણહાર, હરિગુરુ તમે મારા તારહણહાર (૨)
આજ મારી, રાંકને અરજું રે, ખાવંદ ધણી સાંભળજો ગુરુજી... હો... જી...(ટેક)

કેળે રે કાંટાનો હંસલા, સંગ કર્યો ગુરુજી(૨)
કાંટો કેળું ને ખાય(૨)
આજ મારી રાંકની...

આડારે ડુંગર નેવચમાં, વન ઘણા ગુરુજી. (૨)
એ જી રે આડી કાંટા કેરી વાડ(૨)
આજ મારી રાંકની..

ઊંડારે સાયરનેહંસલા, નીર ઘણાં ગુરુજી(૨)
એજી બેડી મારી કેમ કરી ઊતરે પાર(૨)
આજ મારી રાંકની...

ગુરુના પ્રતાપે **ડુંગરપુરી** બોલીયા ગુરુજી(૨)
હે દેજો અમને સાધુ ચરણે વાસ(૨)
આજ મારી રાંકની...

# હંસા ચાલો સદ્‌ગુરુજીના દેશમાં જી

હંસા ચાલો સદ્‌ગુરુજી ના દેશમાં જી
જીયાં કાગ પલ્ટી ને હંસ હોયે રે
હંસા બીજલીયારી ઝલમલ હુઈ રહ્યા જી
તીયાં મેહુલિયા વરસે રે અખંડ ધાર રે
હંસા પીયો રે પિયાલા હરિ રે નામ રા જી
એમાં આવાગમન મટી જાય રે
હંસા પીયો રે પિયાલા નિર્ભય નામ રા જી

હંસા અગર ચંદન કેરા હલ વલે જી
તેમાં વાવ્યો મોતીડા નો બીજ રે
હંસા મોતીડા ઉગ્યો હરિ રે નામ રા જી
જેને શીલ સંતો સિંચનહાર રે... હંસા પીયો રે....

હંસા મોતીડા પડ્યો મૈદાન માં જી
જેને જગત ઉલ્લાંઘી ને જાય રે
હંસા જ્યારે આવે રે હીરલા ના પારખુ જી
તીયાં હીરલા વેચાય મોંઘે મોલ રે.... હંસા પીયો રે...

હંસા કાયા રે નગર કેરે શેહેર માં જી
એ માં ઉલ્ટી ને સુલ્ટી બજારે રે
હંસા આપ સૌદાગર હુઈ રહ્યા રે
તૈયાં વનજ હીરા મોતી લાલ રે.... હંસા પીયો રે....

હંસા આવંત જાવંત હરિને ઓળખો જી
તે માં વાર ન ફેર લગાર રે
હંસા દેવ ડુંગરપુરી બોલિયા જી,
જેં જા ધન ઘડીને ધન ભાગ રે.... હંસા પીયો રે...

# આશ તમારી રે

મોહનજી તમો મોરલા, હું વારી રે; કાંઈ અમો ઢળકતી ઢેલ,
આશ તમારી રે.

જ્યાં જ્યાં ટહુકા તમે કરો, હું વારી રે; ત્યાં અમો માંડીએ કાન,
આશ તમારી રે.

મોરપીંછ અમો માવજી, હું વારી રે; વહાલા વન વન વેર્યાં કાંથ,
આશ તમારી રે.

પૂઠે પલાયાં આવીએ, હું વારી રે; તમો નાઠા ન ફરો નાથ,
આશ તમારી રે.

મોરલીએ મનડાં હર્યાં, હું વારી રે; વિસાર્યો ઘર-વહેવાર,
આશ તમારી રે.

સંગ સદા લગી રાખજો, હું વારી રે; રાજેના રસિયા નાથ,
આશ તમારી રે.

# મુનિ ઉદયરત્ન

## બોલ બોલ રે પ્રીતમ

બોલ બોલ રે પ્રીતમ મુજ શું બોલ મેલ આંટો રે;
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે.

રાજેમતી કહે છોડ છબીલા, મનની ગાંઠો રે;
જિહાં ગાંઠો તિહા રસ નહિ, જિમ શેલડી સાંઠો રે.

નવ ભવનો મુને આપને નેમજી, નેહનો આંટો રે;
ધોયે કિમ ધોવાય યાદવજી, પ્રીતનો છાંટો રે.

નેમ રાજુલ બે મુગતી પહોતા, વિરહ નાઠો રે;
ઉદયરત્ન કહે આપને સ્વામી, ભવનો કાંઠો રે.

પ્રેમાનંદ

# લટકંતા આવે લાલ

લટકંતા આવે લાલ લટકંતા આવે,
મારે મંદિર મોરારી;
ગજગતિ ચાલ સુંદર ગજગતિ ચાલ રે,
જોઈને બલિહારી... ૧
સાથળ ઘૂંટણ સુંદર, સાથળ ઘૂંટણ જોઈ,
પિંડી ને પાનિયું;
ઘૂંટિ પેનીની છબી ઘૂંટી પેનીની રે,
મારે મન માનિયું... ૨
અરુણતળામાં સુંદર અરુણતળાં માંહી,
સોળ ચિહ્ન શોભતાં;
ઊર્ધ્વરેખામેં રૂડી ઊર્ધ્વરેખામેં રે,
મુનિમન લોભતાં... ૩
મૂર્તિ મહારાજની શ્રી મૂર્તિ મહારાજની રે,
ગાઈ પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ પ્રેમાનંદ કહે રે,
અંતરમાં રહો શ્રીહરિ... ૪

# દાસી જીવણ

# જીવણ સાહેબની સાખીઓ

વણ અક્ષરે અક્ષર લખ્યા, વણ લીયે લી;
'જીવણ'ને ગુરુ ભીમ ભેટ્યા, રાતમાંથી થયો દી.....(૧)

સાનકારે સમજ્યા નહીં, કલેજે પડ્યો ન છેદ;
'જીવણ' કહે જોઈ ચાલજો, રે'શો ઠેરના ઠેર........(૨)

મોટેરા મેઘધારવો, ઈ કુળમાં અવતાર;
'જીવણ' ઝાઝું શું કહું, સમજ્યા નહીં ગમાર........(૩)

જીવણ જીવણ જગ કહે, જીવણ હંસ પ્રાણ;
જેને નીરખતાં નયણાં ઠરે, સદગુરુની આણ.........(૪)

જગ જુલાહે જીતીયો, સબ સંતન કો શીશ;
નામ બટાઈ 'જીવણા', જાકું જૈસી ધીર.........(૫)

# મારા નાથનાં નૈણાં ઉપરે હું તો ઘડીએ

મારા નાથના નેણાં ઉપરે હું તો ઘડીએ ઘોળી જાઉં રે..
.મારા નાથનાં...(ટેક)
શીદ કરું એકાદશી, હું તો શીદ ત્રીજે ટંક ખાઉં, નાથજીનાં નેણાં નિરખી ભાવતાં ભોજન પાઉ રે
મારા નાથનાં નેણા...(૧)
આંગણે ગંગા ગોમતી મારે, હું તો શીદ રેવાજી જાઉં,
અડસઠ તીરથ આંગણે મારે, નિત ત્રિરવેણીમાં નાઉ.
મારા નાથનાં નેણા...(૨)

# શ્યામ બીના દુસરો

શ્યામ બીના શ્યામ બીના દુસરો કૌન સુખદાયી
અંગ અંગમાં ઉમંગ આનંદ અમરત રસમાં નાહી
– શ્યામ બીના

આતમના આ ઉંઘમાં જોને લીલા લીલા પાન
લાભ શુભનાલયમાં વહેતા ગીત નવા અણજાણ
જીવન આ વૃંદાવન મારું છાઈ સકળ વનરાઈ
– શ્યામ બીના

શ્યામલ શ્યામલ પવન સુગંધી ધરતી આભ પણ શ્યામલ
સાવ સુકોમળ મોરપીંછ જે હું મન મારું પાગલ
વાદળ ચમકે વીજળી ગરજે વર્ષાની વધાઈ
– હો શ્યામ વિના દુસરો

# આનંદઘન

# રામ કહો, રહમાન કહો

રામ કહો રહમાન કહો કોઊ કહ્ાન કહો મહાદેવ રી;
પારસનાથ કહો કોઊ બ્રહ્મા સકલ બ્રહ્મ સ્વયમેવ રી ...રામ.

ભાજન-ભેદ કહાવત નાના એકમૃતિકા રૂપ રી;
તૈસે ખંડ કલ્પના રોપિત આપ અખંડ સરૂપ રી...રામ.

નિજપદ રમે રામ સો કહિયે રહિમ કરે રહિમાન રી;
કર્ષે કરમ કાન્હ સો કહિયે મહાદેવ નિર્માણ રી...રામ.

પરસે રૂપ પારસ સો કહિયે બ્રહ્મ ચિન્હે સિ બ્રહ્મ રી;
ઈહ વિધિ સાધો આપ આનંદઘન ચેતનમય નિકર્મ રી ...રામ.

# સૂરદાસ

## બંસુરી

બંસુરી ! તૂ ક્વન ગુમાન ભરી ?

સોનેકી નાહી, રૂપેકી નાહી;
નાહી રતન જરી. બંસુરી૦

જાત સિફત તેરી સબ કોઇ જાને;
મધુબનકી લકરી. બંસુરી૦

ક્યા રી ભયો જબ હરિમુખ લાગી ?
બાજત બિરહ ભરી. બંસુરી૦
સુરશ્યામપ્રભુ ! અબ ક્યા કરિયે ?
અધરન લાગર રી. બંસુરી૦

## અનામી

# આ તો મારી માડીના રથનો રણકાર

આ તો મારા માડી ના રથ નો રણકાર.

આવો રણકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો...

ઝીણો ઝીણો વાગતો ને મીઠો મીઠો લાગતો.

રણઝણતી ઘૂઘરી નો કેવો ઘમકાર.

આવો ઘમકાર બીજે ક્યાંય નથી સાંભળ્યો.